
**નરબંકા નાગરો...**



## આજીવન ભેખધારી પત્રકાર સ્વ. ફુલશંકર પટણી

કચ્છના આઠ દાયકાના જાહેર જીવન પર નજર નાખીએ છીએ ત્યારે સાદગી, સિધ્ધાંત નિષ્ઠા, વતનપ્રેમ તથા પત્રકારત્વ માટે ભેખ ધરનારા સદ્‌ગત ફુલશંકરભાઈનું જીવન અનેરી પ્રેરણા પુરી પાડે છે.

ભુજમાં પાંચમી ઓગષ્ટ ૧૯૦૬ માં જન્મેલા ફુલશંકરભાઈનો ઉછેર માસી–માસાએ કરેલ. માત્ર દસ માસમાં જ માતાનું સુખ ગુમાવ્યું. અને કઠિન જીવનયાત્રા શરૂ થઈ. અંજાર તથા ભુજમાં પ્રાથમિક શિક્ષણ તેમજ મુંબઈની કે. ટી. હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું. ગાંધીજીની અસહકારની લડતને કારણે શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં જોડાયા અને ગુજરાતની વિદ્યાપીઠની વિનિતની પરીક્ષા કે જે મેટ્રિક સમકક્ષ ગણાય છે તે પસાર કરી. મુંબઈમાં વિદ્યાર્થીકાળમાં તે સમયે પ્રતિબંધિત કોંગ્રેસ બુલેટીન છુપી રીતે ઘેરઘેર વેચાણ કરતા. કયારેક પકડાય ત્યારે પીઠમાં ગેંડાની સોટીનો ફટકારનો માર પણ સહન કરતા. મુંબઈમાં વેપારી પેઢીમાં રહયા પણ તબિયત લથડતા કચ્છ આવ્યા તથા વાકું,કોટડા, રોહા અને કોટડી(મહાદેવપુરી)માં શાળાના શિક્ષક તરીકે સેવા આપી હતી. શિક્ષણ સાથે પત્રકારત્વ ક્ષેત્રે બી.એન. માહેશ્વરીના તંત્રી પદ હેઠળના 'સ્વદેશ' છગનભાઈ મહેતાના 'કચ્છ વર્તમાન' 'વતન' અને 'નૂતન ગુજરાત'ના પ્રતિનિધિ તરીકે સેવાઓ આપતા હતા. ૧૯૩૦માં અંજારમાં કચ્છી પ્રજાકીય પરિષદનાં અધિવેશનના પ્રચારક તરીકે ગામેગામ ફર્યા.

કચ્છ વર્તમાનનાં મદદનીશ તંત્રી તથા કચ્છ પ્રજામંડળ પત્રિકાના સંપાદક પદે પત્રકારત્વનો અનુભવ મેળવ્યો. ૧૯૩૪માં મુંબઈથી 'જય કચ્છ' શરૂ કર્યુ. જય કચ્છમાં પ્રસિધ્ધ થતાં રાજ્યતંત્ર વિરુધ્ધનાં પોલીસ જુલ્મો, અમલદારોનો ત્રાસ અન્યાયી વહીવટ સામે હિંમતભેર કલમ ચલાવી. એથી તેમને ડરાવવા સિંધમાં નગરપારકર, કરાંચી વગેરે સ્થળે બદનક્ષીના કેસો થયા. જે લડવા રણની કપરી યાત્રા કરી એ વિશે લખવું હોય તો એક પ્રકરણ થાય એમ છે. ૧૯૩૪માં કચ્છી પ્રજાકીય પરિષદના અધિવેશનમાં રાજય પ્રત્યે વફાદારી દર્શાવતા ઠરાવનો તેમણે જોરદાર વિરોધ કર્યો. ૧૯૩૯માં જવાબદાર રાજતંત્રની લડતમાં તેમણે ભાગ લીધલો. તે સમયે કચ્છ રાજયે જય કચ્છના લખાણો તંગદીલી ફેલાવતા હોવાનો આક્ષેપ કરી કચ્છમાં તેના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. તેથી નવા નવા નામે પત્રો શરૂ કરી કચ્છમાં મોકલતા રહયા. તે દરેક પત્રો પણ બંધ કરાયા. અંતે 'જીએરા' પર પ્રતિબંધ લદાયો નહીં . ૧૯૫૨માં જય કચ્છ માંડવીથી પ્રસિધ્ધ થતું એ પછી ભુજથી પ્રસિધ્ધ થઈ રહયું છે.

સ્વ. ફુલશંકરભાઈ ૧૯૫૭માં ભુજ નગરપાલીકામાં ઉપપ્રમુખ બન્યા હતા. મુંબઈમાં ૧૯૮૦માં તેમનું જાહેર સન્માન કર્યું હતું .૧૯૯૨ની ૮ મી ડિસેમ્બરે તેઓએ ચીર વિદાય લીધી.

**– આલેખન : શ્રી ચંદ્રવદન પટ્ટણી, ભુજ**

**ઓકટો–નવે.૨૦૧૨નો સંયુકત દીપોત્સવી અંક તા. ૧૩ના રોજ પોસ્ટ / કુરિઅરમાં મોકલવામાં આવશે પરંતુ રજાઓને કારણે મોડો મળવાની શકયતા ખરી જેની જાણ આપના સગા સંબંધીઓને કરવા વિનંતી. આ કારણથી અને સમસ્ત જ્ઞાતિના લાભાર્થે બરછીની સાઈટ ઉપર વહેલો મુકવામાં આવેલ છે...દીપાવલીની શુભકામના.**

WITH BEST COMPLIMENTS FROM

VIMARK

MAULESH R. POTA
CONSULTANT- FOREIGN TRADE POLICY

**Siddhartha Apartment**
**Parekh Lane, S.V.Road,**
**Kandivli (W), Mumbai – 400 067.**
**TeleFax – 28014751, Mob – 9820281404**
**E-mail: vimarkcon@yahoo.com**

LIAISON WITH DGFT

- Advance Authorisation
- Duty Entitlement Pass-Book (D.E.P.B.)
- Duty Free Import Authorisation D. F. I. A. / D. F. R. C.
- Export Promotion Capital Goods (E.P.C.G.) License
- Refund of Terminal Excise-Duty on supply of goods to 100% Export Oriented Unit (E.O.U.)
- Target Plus Scheme
- Cases related to DGFT, Delhi (ALC, PRC, GRC, Import of Restricted Items)
- Verification of DEPB / DFRC
- DFCE & benefits related to Service providers
- Serve From India Scheme ( S F I S)
- Focus Market, Focus Product and Market Linked Focus Product Scheme

# શ્રી હાટકેશ નાગર મંડળ બોરીવલી, મુંબઈ

**સ્થાપના : ૨૩-૧૦-૧૯૬૦**
**પ્રમુખ શ્રી અશોકભાઈ આર. વૈષ્ણવ**
**બી/૨ રાજનંદન સોસાયટી, રાજેન્દ્રનગર,**
**બોરીવલી (પૂર્વ) મુંબઈ – ૪૦૦ ૦૬૬**
**ફોન : ૦૨૨-૨૮૭૦૬૮૧૪**
e-mail : hnmb1960@gmail.com

## નૂતન વર્ષાભિનંદન

**। જય હાટકેશ ।**

દેશ-વિદેશમાં દૂર દૂરના સ્થળોએ વસેલા
આપણા જ્ઞાતિજનોને
જ્ઞાતિ સંસ્કાર, સમાચાર અને સ્નેહથી સાંકળતા
વર્ષો જૂના અને જાણીતા
મુખપત્ર 'કલમ કડછી બરછી'ના આદ્યસ્થાપક
શ્રી શાંતિભાઈ ધોળકિયાને
પ્રણામ સહ તંત્રીશ્રી વિરેનભાઈને
જ્ઞાતિસેવાની અનન્ય પરંપરા જાળવી રાખવા બદલ
હાર્દિક અભિનંદન

**સર્વ જ્ઞાતિબંધુ ભગિનીઓને બોરીવલી-મુંબઈના**
**હાટકેશ પરિવારો તરફથી**
**દીપાવલી અને નવા વર્ષની અનેકાનેક શુભકામનાઓ...**

SERVICE TO COMMUNITY
SINCE 52 YEARS

# राष्ट्रीय नागर (ब्राह्मण) प्रतिष्ठान

( રજી. નં પપ૯૬૨/૦૬ )

मुख्य कार्यालय : दिल्ही
nagarbrahman@gmail.com

દીપાવલિ પર્વ અને નૂતન વર્ષની અનેકાનેક શુભકામનાઓ

સમસ્ત નાગર ગૃહસ્થ / નાગર બ્રાહ્મણ જ્ઞાતિના
અભ્યુદય કાર્યમાં સમર્પિત સંસ્થાના વિકાસમાં
આપ સર્વના સહયોગની અપેક્ષા સાથે...

**પ્રમુખ :**

કેપ્ટન ચંદ્રમોહન વ્યાસ (દિલ્હી)

**ઉપપ્રમુખ :**

સૂર્યકાંત નાગર (દિલ્હી)–નરેશ રાજા (અમદાવાદ ગુજ.)

વિરેન્દ્ર વ્યાસ (શાજાપુર–મ. પ્ર.)

**ઉપપ્રમુખ / રાષ્ટ્રીય અધ્યક્ષ – મહિલા પ્રકોષ્ટ**

શ્રીમતી વિશાખાબેન એમ. પોટા (મુંબઈ–મહા.)

**મહામંત્રી :**

પવનકુમાર નાગર (દિલ્હી)

**તથા સર્વે પદાધિકારી**

# સામાન્ય જ્ઞાન કસોટી - ક્વીઝ

(જૂનાગઢના શ્રી મુનીભાઈ વસાવડાએ આપણી વિવિધ વિષયોને આવરી લઈને ક્વીઝ લખી મોકલી છે.. અગાઉ આપણે (બરછી) પોસ્ટકાર્ડમાં જવાબ મગાવતા હતા તેમ જો તમારી પાસે 'પોસ્ટકાર્ડ હોય અને લખવાની ટેવ હોય' તો બરછી કાર્યાલયમાં ક્રમ નંબર અને કૌંસમાં આપેલ ચાર 'ઓપ્શન'માંથી સાચો જવાબ લખી મોકલી શકો છો. દરેકના નામ આવતા અંકમાં છાપવામાં આવશે.જોઈએ કેટલાં આવે છે ! -તંત્રી)

૧ આવતા કારતક વદ સુદ ૧ થી શરૂ થતું વર્ષ સંવત .............તરીકે ઓળખાશે.
(૨૦૬૭, ૨૦૬૮, ૨૦૬૯ ,૨૦૭૦)

૨ વર્તમાનપત્રોમા ટીબીઝેડ જાહેરાત શાના માટે આવે છે ?
(ક્રોકરી, ડ્રેસમટીરીયલ્સ, જ્વેલરી, કટલેરી)

૩ જયોતિષ શાસ્ત્ર અનુસાર રાશીઓની સંખ્યા કેટલી હોય છે? (૧૦, ૧૧, ૧૨, ૧૫)

૪ હિંદુ પંચાગ અનુસાર સૌથી લાંબો તહેવાર કયો હોઈ શકે ?
(દીપાવલી, નવરાત્રી, શિવરાત્રી, રામનવમી)

૫ ગુજરાત સમાચાર વર્તમાનપત્ર કયા શહેરમાં નથી છપાતું?
(અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર)

૬ અધિક માસ ગુજરાતી પંચાગ તથા જયોતિષશાસ્ત્ર અનુસાર કેટલા વર્ષ બાદ આવે છે?
(૨, ૩, ૪, ૫)

૭ શરદપૂર્ણિમા એટલે ?
(શ્રાવણસુદ પૂનમ, વૈશાખસુદ પૂનમ, આસો સુદ પૂનમ, ચૈત્રી સુદ પૂનમ)

૮ ગુજરાતી કેલેન્ડર પ્રમાણે ૧ વર્ષમાં કુલ કેટલી અગિયારસ આવે? (૨૦, ૨૨, ૧૨, ૧૧)

૯ જ્ઞાતિ પત્ર કલમ કડછી બરછીનો સૌથી પહેલો અંક કઈ સાલમાં પ્રકાશિત થયો હતો ?
( ૧૯૫૭,૧૯૬૨,૧૯૬૮,૧૯૮૦)

૧૦ ગુજરાતી કક્કાના "ર" અને "ત" અક્ષરો કઈ રાશિમાં સમાવેશ થયેલ છે?
(સિંહ, તુલા, મેષ, કન્યા)

૧૧ નાગર જ્ઞાતિના લોકો દ્વારા દિવાળીના અઠવાડીયા દરમિયાન રોજે રોજ વિવિધ કાર્યક્રમ કયા શહેરમાં નાગરમંડળ યોજે છે? ( ભુજ, રાજકોટ, જુનાગઢ, વડોદરા)

૧૨ નાગર જ્ઞાતિના ઈષ્ટદેવ હાટકેશ્વરનું મુખ્ય મંદિર કયાં આવેલું છે?
(જુનાગઢ, વડનગર, રાજકોટ, વેરાવળ-સોમનાથ)

૧૩ દામોદર કુંડ-ગિરનાર- સોમનાથ-પાટણ એ કયા પ્રદેશનાં સ્થળો છે ?
(ઉતરભારત, દક્ષિણ ભારત, પૂર્વ ભારત, પશ્ચિમ ભારત)

૧૪ આપણા વેદ પૂરાણો અનુસાર વેદની સંખ્યા કેટલી ? (૨ ,૫, ૪, ૬)

૧૫ કયા ઈષ્ટદેવ -ભગવાનનો જન્મ દિવસ બપોરે મધ્યાહને ૧૨ કલાકે ઉજવવામાં આવે છે?
( વિષ્ણુ ભગવાન, શ્રીકૃષ્ણ, શ્રીરામ, મહાવીર સ્વામી)

**- મુનીભાઈ વસાવડા, જુનાગઢ**

# અમારો સૌંદર્ય ભૂમિ લેહ-લડાખનો પ્રવાસ

( મકરંદભાઈ મોહનલાલ વોરા, રાજકોટ- ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૨૭૪ )

ધરતી પરના સ્વર્ગ કાશ્મીરના છેવાડે, ચીનની સરહદે આવેલ લેહ-લડાખના પ્રવાસનું સ્વપ્ન જુલાઈ ૨૦૧૨ના સાકાર થયું.અમો સાત મિત્રોની ટીમ જેમાં સૌથી નાના ૬૫ વર્ષ અને સૌથી મોટા ૭૫ વર્ષના નિવૃત ઈજનેરો રાજકોટથી મનાલી પહોંચી મનાલીથી મોટર માર્ગે લેહ જવા રવાના થયા. મનાલીથી લેહનો રોહતાંગ થઈને જતો માર્ગ ઘણો કઠિન છે. ૧૭ હજાર ફુટથી પણ ઉંચાઈએ પસાર થતા માર્ગ ઉપર જોખમી વળાંક તથા લેન્ડ સ્લાઈડ અને બરફ છવાયેલો હોવાથી તેમજ આ ઉંચાઈએ ઓકિસજનની માત્રા ખુબ ઓછી હોવાથી તકલીફોનો પાર ન હતો.પરંતુ બરફ આચ્છાદિત પર્વતો, ઝરણા તથા હિમાલયનું સાન્નિધ્ય હોવાથી સાક્ષાત મહાદેવના દર્શન થતા હોય તેવું લાગતું હતું. દરરોજના ૧૨ થી ૧૪ કલાકની મુસાફરી કરી બે દિવસે લેહ પહોંચ્યા. રસ્તામાં એક રાત્રી કેલોગ નજીક એક તંબુમાં પસાર કરી, વિશ્વના ઊંચામાં ઊંચા મોટરેબલ રોડ ઉપરથી પ્રવાસ કરતાં અનેરો રોંમાચ અનુભવ્યો.

ભારતને સૌથી ઉતર છેડે આવેલ લેહ શહેરની વસ્તી માંડ ૪૦ હજારની હશે. મોટા પ્રમાણમાં પ્રવાસીઓ આવતા હોવાથી દરેક પ્રકારની હોટલ ઉપલબ્ધ છે. બૌધ્ધ ધર્મ પ્રચલિત હોવાથી તિબેટની સંસ્કૃતિ ધરાવતા દેશમાં બૌધ્ધ મંદિરો, મઠો તથા સંગ્રહાલયો અને મહેલો ખાસ જોવાલાયક છે. ભારતીય સૈન્યનું મ્યુઝિયમ, વિશ્વમાં સૌથી ઉંચાઈએ આવેલ એરપોર્ટ,પત્થર સાહેબ ગુરુદ્વારા તથા સિંધુ નદીનો ઘાટ લેહમાં જોવાલાયક છે.

લેહની આસપાસના સ્થળોમાં ખાસ ધ્યાન ખેંચતુ સ્થળ નુબ્રાવેલી છે. સીયાચીન ગ્લેસીયર સુધી વિસ્તરેલ આ વિસ્તાર અતિ રમણીય છે. સીયાચીન નદી તથા સોયનદીનો આ ડેલ્ટા પ્રદેશ સૌંદર્ય થી ભરપુર, બરફાચ્છાદીત પર્વતો, ઝરણા વૃક્ષો ઉત્તુંગ શિખરો યાકના સમૂહો ખરેખર મનમોહક લાગે છે. બે દિવસના નુબ્રાવેલીના પ્રવાસ દરમિયાન બૌધ્ધ મંદીરો તથા બૌધ્ધ સંસ્કૃતિના નિકટથી દર્શન કરવાનો લ્હાવો મળે છે. કુદરતની કરામત સમુ અહીં રેતીનું રણ છે. જયાં ઊંટ ઉપર સવારી પણ પ્રવાસીઓ કરે છે. નુબ્રાવેલી પહોંચવા માટે લેહથી ખારડુંગલા પસાર થઈને જવું પડે છે. આ અતિ વિકટ માર્ગ વિશ્વનો સૌથી ઉંચામાં ઉંચો પસાર થતો મોટરેબલ માર્ગ છે. રસ્તામાં વિશ્વની સૌથી ઉંચામા ઉંચી જગ્યા પર આવેલ રેસ્ટોરન્ટમાં ચા પાણી પીવાનો પણ રોંમાચ છે. સુસવાટા મારતો ઠંડો હિમ જેવો પવન, વરસાદના ઝાંપટા, ઓકિસજનની કમીને કારણે શ્વાસ લેવામાં પડતી મુશ્કેલીઓ અને ચારે બાજુ બરફ અને બરફ નિહાળતા ઈશ્વરનું સ્મરણ કરતાં કરતાં બે દિવસે પાછા લેહ આવી ગયા.

ત્યાર પછીના દિવસે લેહ થી પૂર્વ દિશામાં ચીનની સરહદ નજીક આવેલ પેંગોગ લેઈક ગયા,આ સરોવર ૧૨૦ કીમી લાંબુ , જેમા ૮૦ કીમી ચીનમાં અને ૪૦ કીમી ભારતમાં છે. અતિ રમણીય આ સરોવરનું પાણી સૂર્યનો પ્રકાશ પડતા સપ્તરંગી જણાય છે. કયારેક ચોખ્ખું બ્લ્યુ તો કયારેક રકતવર્ણી તો કયારે લીલું જોવા મળે ! આ સ્થળે "થ્રી ઈડીયટ" ફિલ્મનું શુટીંગ થયું હતું. વૃક્ષો વિનાના પર્વતની હારમાળા, ઠંડા પાણીના નાના નાના ઝરણા અને તેમાં એકાદ જગ્યાએ ગરમ પાણીનું ઝરણું અને કયાંક કયાંક ફૂલોના છોડ જે કુદરતની કમાલ જેવું લાગતું હતું.

આ રીતે લેહમા પાંચ દિવસ ફરીને વળતા કારગીલ થઈને શ્રીનગર જતા મોટરેબલ માર્ગે બે દિવસે શ્રીનગર પહોંચ્યા. લેહ-શ્રીનગરનો માર્ગ પણ કઠિન છે. પરંતુ સૌંદર્યથી ભરપૂર છે. લેહ-કારગીલ વચ્ચે મેગ્નેટીક હિલ્સ આવે છે આ જગ્યાએ એન્જીન બંધ કરેલ વાહન પોતાની મેળે ઉંચાઈ ચડવા લાગે છે. ચુંબકીય ખેંચાણને કારણે આમ થતું હોય છે. ભારતીય સૈન્ય દ્વારા કારગીલ પાસે કારગીલ વિજયની સ્મૃતિમાં એક મ્યુઝિયમ બનાવેલ છે તે ખરેખર જોવા જેવું છે.

કારગીલ દ્રાસ સોનમર્ગ થઈને કુદરતને પેટ ભરીને માણતા માણતા શ્રીનગર પહોંચ્યાં ત્યાં ત્રણેક દિવસ ત્યારબાદ ખીરભવાની,વૈષ્ણોદેવી અને જમ્મુ થઈ રાજકોટ પરત ફર્યા.

# 'ઉત્સવ કીસી કેલેન્ડર કા મોહતાઝ નહીં..!!'

- યોગેશ અવાશિયા, ભાવનગર પરા

રાજકપુર અભિનીત ફિલ્મ 'એરાઉન્ડ ધ વર્લ્ડ' માં એક દ્રશ્ય છે. જહાજનો કેપ્ટન પોતાના જન્મ દિવસની ઉજવણીની ઘોષણા કરે છે. આ સાંભળી તે જહાજનો એક ક્રુ કહે છે કે કેપ્ટન સાહેબ , આપનો જન્મદિવસ તો થોડા દિવસો પૂર્વે ગઈ ટ્રીપમાં જ ઉજવ્યો હતો. કેપટન રોબ સાથે કહે છે "આ મારૂ જહાજ છે જન્મદિવસ પણ મારો છે ,જેટલીવાર ઉજવવા ઈચ્છું મનાવી શકું, તમે બસ તૈયારી કરો".

આ જ સાચી ઉત્સવની ક્ષણો છે કે જયારે કોઈનું મન કંઈક કરવા થનગને લગભગ બધા જ લોકો ઉત્સવપ્રિય હોય છે. ઉત્સવ ભલે કોઈપણ હોય ,ઉત્સાહ ,ઉમંગ, જયારે ચરમસીમા પર હોય ત્યારે ઉત્સવીમનનો માણસ ઝૂમવા, નાચવા, ગાવા- ગુનગુનવાના બહાના શોધી જ લે છે. આવું કોઈ કારણ કે બહાનું મળી જતાં વ્યકિતનું સમગ્ર ચેતનાતંત્ર "રીચાર્જ" થઈ જતું હોય છે. ઉત્સવો કેલેન્ડરમાં નહીં લોકોના મનમાં જન્મ લે છે, કેલેન્ડરમાં તો તહેવારો ,જયતિઓ, સન્ડે, સેટરડે... જ હોય છે. આ બધા ઉત્સવ હોવાની ગેરંટી કે વોરંટી ધરાવતા નથી. આથી ઉલ્ટું ઉત્સવ ત્યારે પણ હોઈ શકે જયારે કેલેન્ડરમાં કોઈ તહેવાર, જયંતિ કે સેટરડે-સન્ડે ન પણ હોય.

સામાન્ય રીતે સર્વાજનિક અવસરોને સાર્વજનિક ઉત્સવ માની લેવામાં આવે છે. વાસ્તવમાં ખુબ જ ઓછા તહેવારો કે અવસરો એવા હોય છે કે જે સાચા અર્થમાં "સાર્વજનિક ઉત્સવ" બની રહે છે. આવા અવસરે દરેક લોકોના મન લગભગ એકસરખો ઉમંગ જોવા મળે છે. રંગોત્સવ, કૃષ્ણજન્મોત્સવ, પતંગોત્સવ, અને હવે તો ગણેશોત્સવ કે ગરબા મહોત્સવ પણ ઉમેરવા જેવા ખરા.બાકી બધા ઉત્સવોના લિસ્ટમાં કેદ રહે છે.મારા મતે જે પળો -ક્ષણો મા વ્યકિતનું મન "હાજર" હોય તે પ્રત્યેક પળ -ક્ષણ ઉત્સવ સમજવાની ટેવ પાડવા જેવી છે. આ દ્રષ્ટિએ તો બાળકો ,કિશોરો,કિશોરીઓ માટે પ્રત્યેક તહેવાર ઉત્સવ બની રહે છે. ધૂળમાં પડેલી કાચની ઠેરીને ઈટવા નિશાન તાકતા બાળકનું મન તે પળે ઉત્સવનું ઉભરાટ અનુભવતું હોય છે અને ધારેલી ઠેરી ઈટાઈ જતા તો ઉત્સવની ચરમ સીમા, કદાચ આવા બાળકો કિશોર-કિશોરીઓ કે યુવાનોની ભાગીદારીને કારણે જ તહેવારો અવસરોમાં ઉત્સવનો ભ્રમ બચી ગયો છે. બાકી આપણે ઉમર (ના)લાયક લોકો તો "આવતા મહિનેથી ફેસ્ટીવલ એડવાન્સના હપ્તા કપાવવા શરૂ થઈ જશે" ની ચિંતામા તહેવારોને કેલેન્ડરથી નીચે શુધ્ધા ઉતરવા દેતા નથી..!

ઉત્સવોની વાત કરૂં છું ત્યારે યાત્રા પ્રવાસ માટે કે કોઈ પ્રસંગ વિશેષમાં પહોંચવા કરાતી મુસાફરીની યાદ આવ્યા વગર રહેતી નથી. એમાંય મુસાફરી રેલગાડીની હોય ત્યારે રોમાંચ ઓર વધી જાય છે.રેલ્વે સ્ટેશન ઉપર પ્રસ્થાનોત્સવ કે આગનોત્સવ આપણે સૌ માણતા જ હોઈએ છીએ. કોઈ વહાલસોલયાના આગમન કે વિદાયવેળાએ આંખ્યુંએ પણ મનનું કહયું કરવું પડે છે. આસુંઓનો ગરમાટો મનની 'હાજરી'નું પ્રમાણ છે. ઓશો રજનીશે તો માનવ જન્મને અવતાર જ ઉત્સવ કહયો છે. ૩૬૫ દિવસ પ્રત્યેક પળ ઉત્સવ, કોઈના મનનો મોરલો નાચતા કરે તો સમજો ઉત્સવ શરૂ.

મીરાં ગાતી," હે રી મે તો પ્રેમદીવાની મેરા દર્દ ન જાને કોઈ" અહીં મીરાંનું દર્દ પણ ઉત્સવ છે. એટલે જ દર્દ ને તે ગાઈ શકી. મીરાંના મનમાં ટીંગાયેલા કેલેન્ડરના પ્રત્યેક દિવસનું નામ કઃદ્યઈઈીઃદ્યઈઈ તગ્ભ(ઈઈઈ નહીં પણ ગિરધર ,ગોપાલ, કૃષ્ણ, માધવ, કનૈયા, મુરલીધર, મુકુટબીહારી હતું. એટલે જ આ લેખનું શિર્ષક " ઉત્સવ કીસી કેલેન્ડર કા મોહતાજ નહી" રાખ્યું છે. Do you agree ?

## નવી ડગર (પ્રેરક કથા)

જીવનની ભાગદોડ , જીવન જંજાળ, સારા નરસાના પર્યાવરણથી પર થયા. પ્રભુ સ્મરણ કરતાં કરતાં ક્યારે નિંદ્રા દેવીની સોડમાં સમાય ગયો તે ખબર ન પડી....સ્વપનાની વણઝાર શરૂ થઈ એકાએક શંખ, ચક્ર, ગદા, પદ્મ સાથે સ્વયં પ્રભુ સામે આવ્યા. હું ધન્ય, ગદ્ગદિત થઈ ગયો. હાથ જોડી ગણગણવા લાગ્યો, '' પ્રભુ તમો અંતર્યામી છો, ભાગ્યાંના ભેરૂ છો..વગેરે વગેરે..''પ્રભુ તરફથી કોઈ પ્રતિભાવ ન હતો. એકીટસે જોઈ રહયા હતા. હું મૂંઝાયો.પ્રભુ કંઈક પ્રતિભાવ તો આપો. પ્રભુએ મૌન તોડયું બોલ્યા' ''ભલા માણસ હું તારો અને બધાનો ખ્યાલ રાખું જ છું તું પણ મારો તો કંઈક વિચાર કર મેં મારી જવાબદારી હળવી કરવા મારા પ્રતિનિધિ તરીકે માનવનું સર્જન કર્યું. તેને અન્ય જીવો કરતાં વિશેષ અંગ-ઉપાંગ બુદ્ધિ સંવેદના જેવા વિશિષ્ટ સાધનો આપ્યાં. જેનાથી ખુદ જીવવા અને લોકોને જીવાડવા ને બદલે વારે વારે લાચાર બની કરગરે છે. માણસ બનાવ્યો છે માણસ જેમ જીવવા માંડ. મારા ગુણગાન ગાવાને બદલે દીન-દુ:ખીયાને સહાય કરવામાં મને મદદ કર.... ''હું સમુળગો હચમચી ઉઠયો. સ્વપ્ન પૂર્ણ જોયું. રૂમની બંધ બારી ખોલી તો સામે સોનેરી પ્રકાશિત નવી ડગર હાથ ફેલાવી આવકારી રહી હતી.

**–અવિનાશ જોષીપુરા, રાજકોટ**

## ગઝલ

કદંબ વૃક્ષો હજુય આજે ઝૂલે છે શૈશવ મજેથી મારું,
કદીક આવી સ્મરણમાં પૂછે રહે તો છે ને શરીરે સારું ?

શીશુ અવસ્થા ને નોતરું દઈ, કીધું કે આવે જીવનમાં ક્યારેક
જવાબ આપ્યો, ઈચ્છા તો છે પણ કરે રખોપું સમજ તમારું,

છું તરબતર એ ભીની ક્ષણોથી જે ગોઠિયાઓની સંગે ગાળી,
ઉદાસી જ્યારે સતાવે ત્યારે ક્ષણો એ ભીની જરા નિતારું.

કિતાબ ખુલ્લી હતી જીવનની, હતું કશું ના છુપાવા જેવું,
વિડંબના છે, વખત એ આવ્યો, કહી શકું ના કહેવા ધારું,

એ બાળપણની નદી જે આજે બન્યો સમંદર ઘૂઘવતો કિન્તું–
અનુભવોના રસાયણોથી જીવનનું જળ થઈ ગયું છે ખારું,

**– કિંજલ્ક વૈદ્ય, ભુજ**

## ભાગ્ય

એ.....તમે હવે થોડીવાર ઝુંપડી બહાર બેસો, હું આખો દિવસ ઓલા ૧૦ માળના બનતા મકાનમાં આખો દિવસ પાણી પુરું પાડવા તડકામાં પાણીની નળી પકડી પકડીને પરસેવે રેબઝેબ થઈ ગઈ છું, થાકી ગઈ છું....હવે મારે ન્હાઈને તાજા થવું છે. શામલીએ પોતાના પતિને પ્રેમભર્યો હુકમ કર્યો અને ઝુંપડીની અંદર એક ખુણામાં ડોલ પાસે નહાવા બેઠી. પરંતું ત્યાં તો અહીં આ ડોલ ખાલી છે...બીજા ઠામડા પણ ખાલી છે....વળી તેના પતિને હાકલ નાખી, એ ય... એ ય લ્યો,નહી તો ન્હાવા જરાય પાણી નથી લ્યો આ ડોલ સામેથી મ્યુનસીપાલ્ટીના નળથી એક ડોલ ભરી આવો ને....હું બહુ થાકી ગઈ છું....પરસેવે રેબઝેબ છું....

તો તો હું પણ તારી જેમ જ છું આખો દિવસ મીનરલ વોટરના કેરબાઓ મોટા મોટા બંગલે પહોંચાડીને લોથપોથ થઈ ગયો છું . તું પરસેવે રેબઝેબ છે તો સાબુની છીપતરી તેમાં ઘસી લે પછી ગાભાથી શરીર લુછી નાંખ...!

**– જસ્મીન દેસાઈ, રાજકોટ**

---

**બરછીમાં જાહેરાત આપનાર જ્ઞાતિજનો, સંસ્થાઓ અને જાહેરાતો મેળવી આપનાર હિતેચ્છુઓના આર્થિક પીઠબળ આપવા બદલ અંતઃકરણપૂર્વક આભારી છીએ..**

---

ગુજરાતમાં ચૂંટણી આવી રહી છે... ભલે એક જ દિવસના સૂલ્તાન થઈએ **પરંતુ મતદાન તો કરીએજ.**

**ક્ષણ ભંગૂરતા**

બગીચામાં બેઠો હતો,
ઉપર વૃક્ષમાંથી કંઈક ખર્યું
પૂષ્પ–કલીહશે તેમ માની
જોયું, આ શું ? આતો
પતંગિયું હતું...

**સૈનિકને શ્રધ્ધાંજલિ**


વીર શરીરને પ્રધાનની હાજરીમાં
પાંચ તોપની સલામી આપી
એક વર્ષ પછી તેની વિધવા
પેન્શન માટે રઝળે

**અન્નકૂટ**

હવેલીમાં ભકતો અન્નકૂટનાં
દર્શને ઉમટે
હવેલી બહાર ગરીબ બાળક
અન્ન માટે કાકલૂદી કરે.

**– રમેશ માંકડ, વડોદરા.**





## ભગવાન તમારા દુનિયામાં

ભગવાન તમારી દુનિયામાં મારી જેવાનું કામ નથી
અહીં સૌના મુખમાં શિવ છે પણ કોઈના દિલમાં શિવ નથી......ભગવાન
અહીં કૌશલ્યા ને સુમિત્રા છે અહીં કૈકયી ને વળી મંથરા છે
અહીં રામરાજ્યાભિષેક રચાય છે પણ વનગમન તો નિશ્ચિત છે....ભગવાન
અહીં રઘુકૂળ રીતિ ભૂલાય છે ને કૂટનીતિ સ્થાપિત છે
અહીં રાવણો છદમવેશી છે ને સત્તાહરણો રોંજિદા છે........ભગવાન
અહીં અર્જુન ગાંડીવધારી છે ને યુધિષ્ઠિર ધર્મરાજ ગણાય છે
અહીં કાબે અર્જુન લૂંટાય છે ને વળતા પાણી વહે છે.........ભગવાન
અહીં જપ તપ છે ને હોમ હવન છે ને વળી ઉત્સવના ઠઠારા છે
અહીં અન્નકૂટનો પાર નથી છતાં ભૂખ્યા રોજ સુનારા છે......ભગવાન
અહીં મંદીર છે ને મસ્જિદ છે અહીં દેવળોને દેરાસરો છે
અહીં ધાર્મિક એકતા પાંગળી છે ને ધર્મઝનૂન તગડું છે.........ભગવાન
અહીં કથા કીર્તન અગણિત છે ને શ્રોતાઓ વળી હજારો છે
લાખો અનુયાયીઓ છતાં સદાચારી જડતો નથી.........ભગવાન
અહીં સંતો ને મહંતો છે અહીં તાંત્રિક આશ્રમો ઘણાય છે
અહીં કયો બાળ કયારે બલિ બનશે એની કોને શી ખબર છે......ભગવાન
અહીં બોમ્બ બ્લાસ્ટની નવાઈ નથી ને આતંક હવે નિર્ભય બન્યો છે
તેં બક્ષેલું જીવન અમારૂં ધૂળધાણી થઈ રહયું છે
તેં બક્ષેલું જીવન અમારૂં મૂલ્ય વિહીન બની ગયું છે........ભગવાન
ભગવાન તમારે અવતારની હવે શી ઘડીઓ બાકી છે
ભગવાન તમારી દુનિયામાં મારી શી સેવાઓ હજુ બાકી છે
ભગવાન તમારી દુનિયામાં મારી જેવાનું કામ નથી.......ભગવાન

**– અરવિંદ વિ. અવાશીયા (ગોંડલ)**

---

**પૂર્વીબેન અશ્વિનભાઈ અધ્વર્યુ – સીડની ઓસ્ટ્રેલીયાના**
**સમસ્ત જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન**

# દુનિયા એકલતાનો વિસામો

મોબાઈલ, ફેસબુક, ઈન્ટરનેટની બલિહારી,
કે તેની માયાજાળમાં ફસાયો માનવી,
દુનિયા બની સાવ નાનકડી અને
અંદરથી ઘુંટાતા માનવીને કયાં ન જડે તેની કડી......
શું તે તેની સિધ્ધિઓ, ખુશીઓ, સંબંધોથી
ઉત્સાહભેર આજે જીવે છે ખરો ?
સંબંધો તો ખુબ છે પણ સાચા અને ગૂઢ કેટલા?
અરે આંગળીના વેઢે ગણાય તેટલા.
જે પોતાને જ નથી સમજી શકતો
એ બીજાના જીવનના તાણાવાણા ગુંથવા કયાં જવાનો?
સૂનકાર,એકલતા, ખાલીપણું,
છલોછલ ભરાયું છે,
ઉધઈ બનીને માનવીનું મન એને કાતરી રહયું છે
ગ્લોબલ વીલેજ ની ઉપમા આપવી છે આ દુનિયાને
પણ તે કદાચ એની માટે એકલતાનો વિસામો તો નથી બની રહીને ?
આપણે -સ્વ - પોતેજ એના જવાબદાર તો નથી ને?
સિધ્ધિઓની અદ્વિતીય સીડીઓ સર કરતો માનવી આ
વિસામામાં ખોવાઈ તો નહીં જાય ને ?
વિચારવા જેવું ખરૂ...!
આધુનિક ટેકનોલોજીથી ભલે આજે તે એકબીજા સાથે
સંકળાયેલો રહે છે પરંતુ તે અંદરને અંદર ખુબ ઘૂંટાય છે
એકલો પડી ગયો છે.
અને એટલે જ દુનિયા તેને માટે એકલતાનો વિસામો બની રહી છે.

**- અક્ષી મુનીન્દ્ર ખારોડ (વડોદરા)**



# વેકેશન

વેકેશન આવ્યું- વેકેશન આવ્યું
દિવાળીનું વેકેશન આવ્યું
ઢગલાબંધ હોમવર્ક લાવ્યું
દિવાળીનું વેકેશન આવ્યું
મમ્મી કહે છે-પપ્પા કહે છે
હોમવર્ક જલ્દી પુરૂં કરો
ઈંગ્લીશ-પછી ગ્રામર કરો
ખરીદી કરવા જવું છે
મેથ્સ કરૂં પછી સાયન્સ કરું
તો રંગોળી હું કયારે કરૂં ?
ગુજરાતી-હિન્દી પછી કરૂં
પણ ફટાકડા હું કયારે ફોડું ?
બધા કહે છે રજા છે તો મજા છે
પણ મારી વાત હું કેમ કહું ?
નવા વર્ષની નવી સવારે
ઈશ્વર તમને નમું છું
સાથે એટલું ચાહું છું કે
હોમવર્ક થોડું ઓછું કરો
વેકેશન આવ્યું-વેકેશન આવ્યું
દિવાળીનું વેકેશન આવ્યું.

**- રીયા (રેખા-હિરેન) ઓઝા (ધો. ૫) રાજકોટ.**

આજનો કોઈપણ શુભ પ્રસંગ એટલે ભવિષ્યનું યાદગાર સંભારણુ...અમે તેને વીડિયો શુટીંગથી ચિરંજીવ બનાવીશું...સંપર્ક કરો : સતીષ મહેતા મો. ૯૮૭૯૩૩૩૫૧૩/ ૯૦૩૩૨૬૪૧૬૨

## શું કરશો ?

જયાં તિરાડ દિશે માનવ મંદિરમાં
મારું મંદિર ચણાવી શું કરશો?

બુઝાઈ રહયો દીપ માનવતાનો
દીપમાલા જલાવી શું કરશો ?

ચોમેર પ્રસરી ભ્રષ્ટાચારની બદબુ
ત્યાં ધૂપ જલાવી શું કરશો ?

દૈવી સંપતિનો લોપ થયો ત્યાં
બેનંબરી ધન આપીને શું કરશો ?

ના સમજો અનપેક્ષ ભાવ ગીતાનો
ખોટા ગાલ ફુલાવીને શું કરશો ?

ગીતા "સુ ગીતા " જો થાય ના મનથી
ભક્તિયોગ વાંચી તમે શું કરશો ?

શ્રી સાંઈનું ધ્યાન શરણાગતિ પંથ છે
સમર્પિત ભાવ ના હોય તો શું કરશો ?

માનવ માનવ વચ્ચે જો સેતુ ન હોય તો
સંસ્કાર દીપની આશા શું કરશો ?

નાગરત્વ જો ના હોય તવ ઉરમાં
"જય હાટકેશ" બોલે શું વળશે?

સંકલ્પોના દીપ નૂતનવર્ષે પ્રગટાવી
ના ઈચ્છો પ્રકાશ "પ્રેરણાંશુ" શું કરશો ?

**-મહેશ દેસાઈ "પ્રેરણાંશુ", રાજકોટ.**

## કાવ્યમય કણીકાઓ

*- તારે મોઢેથી મારૂં નામ સાંભળવું ગમે છે,*
*તારા હૃદયપર મૂકી કાન, સાંભળવું ગમે છે.*
*- દિલનું દર્દ કલમથી નીતરી કાગળ પર વધ્યું*
*હું તો કાંઈ જ ન સમજી,પણ લોકોએ તેને કાવ્ય કહયું*
*- પથ્થરોના શહેરમાં એક માણસ મળી ગયો*
*દેવ માની પૂજવા બેઠીને એ પથ્થર બની ગયો.*
*- કંઈ કેટલાયે કાવ્યો અટવાય છે હૃદયમાં અધૂરા*
*તારી પ્રેમભરી માવજત વિના, કેમ થશે તે પૂરાં ?*
*- એક નજર પ્રેમભરીને,*
*એક શબ્દ લાગણીનો*
*ફક્ત એક જ માર્ગ છે જીવવાનો ,*
*નહીંતર કોઈ જ અર્થ નથી,*
*રહેતો આ જીવતરનો.*

**- શ્રીમતિ રેખા ઓઝા - ભાવનગર**

---

## *'કર વિચાર તો પામ'*

***છૂટે દેહાધ્યાસ તો, નહિં કર્તા તું કર્મ***
***નહિં ભોકતા તેં તેહનો, એ જ ધર્મનો મર્મ.***
***એજ ધર્મથી મોક્ષ છે., તું છો મોક્ષ સ્વરૂપ***
***અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ***
***શુધ્ધ, બુધ્ધ ચૈતન્યઘન, સ્વયંજયોતિ સુખધામ,***
***બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ.***
***નિર્વાણ માર્ગનું રહસ્ય (લે.ભોગીલાલ ગિ. શેઠ)***

**સંકલન : હિમાશુ જે રાણા**

---

**સગપણ સગાઈ :** ભાવનગર સ્થિત મોહિત ધૈર્યાશુભાઈ ઓઝાનું સગપણ ધોળકા સ્થિત નમ્રતા દિલીપભાઈ ભટ્ટ સાથે. - અમદાવાદ સ્થિત સમીરભાઈ દેવેન્દ્રભાઈ મહેતાના પુત્ર મહીપ(મંદાર)નું સગપણ વલ્લભવિદ્યાનગર સ્થિત દર્શક શિરીષભાઈ મહેતાનાં પુત્રી ઈતિ સાથે.

**પ્રભુતામાં પગલાં :** રાજકોટ સ્થિત અનિલભાઈ તથા હેમાક્ષીબેન કિકાણીના પુત્ર ભવતોષનાં શુભ લગ્ન જૂનાગઢ નિવાસી શૈલેષભાઈ તથા કાશ્મિરાબેન દેસાઈનાં પુત્રી પંક્તિ સાથે.

**સૌને સાલમુબારક સાથ...આપના શુભ પ્રસંગોને 'ચિન્ટુ આઉટડોર ફોટોગ્રાફર'ને સથવારે યાદગાર બનાવવા સંપર્ક કરો...ભરતભાઈ વૈશ્નવ મો. ૯૪૨૭૨૧૪૯૭૮**

# -:- લગ્ન વિષયક જાહેરાત -:-

નીચેના ક્રમ માંથી આપના સંતાન માટે યોગ્ય પાત્રના ફોન નંબર સવારે ૧૨ થી ૧ સાંજે ૬ થી ૯ દરમ્યાન (રવિવાર સિવાય) માત્ર ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર જ આપવામાં આવે છે પરંતુ દિવાળીથી લાભ પાંચમ કાર્યાલય-પ્રેસમાં રજા રહેશે તેથી માત્ર આ દિવસો દરમ્યાન જ સાંજે ૪ થી ૫ વચ્ચે મો. ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર સંપર્ક કરવાથી ફોન નં. આપવામાં આવશે. તાજેતરની અનિયમીતતા અને રજાઓને ધ્યાનમાં લઈ જાહેરાતો barchhi.com વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. -તંત્રી.

(૧) એસ.એસ.સી., જ. ૬/૧૯૭૬, ૫'.૩" ઉંચાઈ મુંબઈ ખાતે કેબલ ઓપરેટર તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-

(૨) બી.ઇ.(સીવીલ) જ. ૬/૧૯૮૬, ઉંચાઈ ૫'.૭"ના લીમીટેડ કંપનીમાં સાઇટ એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૩) બી.એ., જ. ૯/૧૯૮૨, ૫'.૮" ઉંચાઈ આઈસીઆઈસીઆઈ બેંકમાં જામનગર ખાતે નોકરી કરતા કશ્યપ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮-

(૪) હોમીયોપેથ ડોકટર જ. ૭/૧૯૮૫, ૬'.૨" ઉંચાઈના રાજકોટ ખાતે પ્રા. પ્રેકટીસ કરતા યુવકને કન્યા. સંપર્ક : મો.

(૫) બી.કોમ., સી. એ. (ઇન્ટર) જ. ૧૯૮૫, ૫'.૮" ઉંચાઈ સી. એ. ફર્મમાં મુંબઈ ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-મો.

(૬) ધો. ૧૨ જ. ૧૧/૧૯૭૧, ૫'.૩" ઉંચાઈ, સધર્ન ગ્લોબલ કંપનીમાં નોકરી કરતા યુવકને યુવતી. સંપર્ક : ૦૨૨-મો.

(૭) બી.કોમ., જ. ૧૧/૧૯૮૩, ૫'.૧૧" ઉ.ના પ્રા. લી. કંુ.માં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક: ૦૨૮૯૨-

(૮) એમ.સી.એ., જ. ૯/૧૯૮૨, ૫'.૫" ઉંચાઈ હળવો મંગળ, ટી.સી.એસ.માં ગાંધીનગર ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-મો.

(૯) એમ.એસસી. જ. ૫/૧૯૮૫, ૫'.૬" ઉંચાઈ ક્રાઇસ્ટ કોલેજમાં લેકચરર તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-મો.

(૧૦) બી.કોમ., જ. ૧૦/૧૯૮૪, ઉંચાઈ ૫'.૪"ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૧૧) બી.એ., જ. ૧૧/૧૯૮૮, ઉંચાઈ ૫'.૧" ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૧૨) એમ.કોમ., સી.એસ., જ. ૬/૧૯૮૪, મુંબઈ ખાતે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯- મો.

(૧૩) એમ.એસ.સી. (આઇટી.સી.એ.) જ. ૧૯૮૮, ૫'.૪" ઉંચાઈના રાજકોટ ખાતે લી. કંુ.માં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૨૪-

(૧૪) એમ.એસ.સી., બી.એડ., જ. ૧૯૮૪, ૫'.૩" ઉંચાઈની કેળવણી નિરીક્ષક તરીકે માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૧૫) એમ.એ., બી.એડ.,ડીસીએસ. જ. ૮/૧૯૮૨, ૫'.૩" ઉંચાઈની શિક્ષિકા તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

बीत गया जो साल भूल जाइअे,इस नये साल से सालको गले लगाइअे,
करते है हम प्रार्थना हाटकेशसे सर झुकाके सारे सपने पूरे हो आपके ।
गीता - किरण वैद्य परिवार - वलसाड मो ९३२८०३२८४४

(૧૬) બી.બી.એ., સીએ.(ઇન્ટર) કથ્થક વિશારદ, જ. ૧૧/૧૯૮૭ દેખાવડી માયનોર તકલીફવાળી ઔક્ષણસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ગાંધીનગર મો.
(૧૭) એમ.સી.એ., (સેમે.૬ ચાલુ) જ. ૧૦/૧૯૮૮ ના. બ્રા. કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૭૮-મો.
(૧૮) બી.કોમ.,ડીસીએ., પીજીડીસીએ., જ. ૪/૧૯૮૪, ૫'.૪" ઉંચાઈની બેંકમાં નોકરી કરતી કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૮૮-
(૧૯) અમેરીકા ખાતે ઓપ્થેલ્મોલોજીનો અભ્યાસ કરી હોસ્પિટલમાં નોકરી કરતી , જ. ૬/૧૯૮૫, ૫' ઉંચાઈની કન્યાને અમેરીકા સ્થિત કે સ્થાયી થવા ઈચ્છુક યુવક. સંપર્ક : ૦૭૯-

## --- વૃક્ષ બચાવો અભિયાન ---

**હે માનવ,**

હું એક વૃક્ષ છું. સ્વર્ગલોકમાં દેવો અમારા પિતરાઈ કલ્પવૃક્ષનું લાલન પાલન કરે છે, તો દાનવરાજ રાવણે પણ અમારા પિતરાઈ અશોકનું વન બનાવેલ. દેવો અને દાનવો બંન્ને અમારો આદર કરે છે. શ્રીકૃષ્ણે તો શ્રીમદ ભાગવદ ગીતામાં કહયું હતું, "અશ્વત્થ સર્વ વૃક્ષણામ્" અર્થાત "બધા વૃક્ષોમાં પીપળ ે હું છું" અરે, પૂરાણ અને શાસ્ત્રોમાં તો કહેલું છે કે, દશ કુવા બરાબર એક વાવ, દશ વાવ બરાબર એક સરોવર અને દશ સરોવર બરાબર એક સત્પુત્ર અને દશ સત્પુત્ર બરાબર એક વૃક્ષ.

ઉછેરેલો પુત્ર બેવફા થઈને માતા-પિતાને તરછોડી વૃધ્ધાશ્રમમાં મોકલી શકે છે પરંતુ એક વૃક્ષ તો જન્મ થી મૃત્યુ સુધી સાથ નિભાવે છે. છઠઠી પૂજનના પણ -સોપારી હોય કે નામકરણના પીપળ પાન, મોં શુધ્ધિ માટેના દાતણ કે ટૂથપેસ્ટ, પુજાના ફુલ-પર્ણો-ફળ કે સુગંધી દ્રવ્યો હોય, આહાર, આરોગ્ય, રહેણાંક, સ્કૂલ કચેરીનું ફર્નીચર,રમતગમતના સાધનો, મનોરંજનના સાજ, નદી કે સમંદર પાર કરવા કે તેમાં વિહાર કરવા માટેની નૌકા કે પ્રજા સ્વરક્ષણ માટેના શસ્ત્રો હોય કે અંતિમ સંસ્કાર માટેના ચિતાના કાષ્ઠ હોય, દરેકમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમો મોજુદ હોઈએ છીએ. વિશ્વમાં માનવ એક જ એવી સ્વાર્થી જાત છે કે, ઘર બાંધવાને બહાને, રોડ પહોળા કરવાના બહાને, કે ઈલેકટ્રીકની લાઈન નાખવાને બહાને અમારી કતલ કરતો જ રહયો છે. હે માનવ ! આ દુષ્કૃત્ય કરતા પહેલાં અમારા ઉપકાર યાદ કર, તારા આહાર-આરોગ્ય માટે અમે તને ફુલ-પર્ણો -ફળ આપીએ છીએ, તો યજ્ઞ માટે-વૈદિક કર્મકાંડ માટે સમિધ આપીએ છીએ. તારા ઘરના ફર્નીચર માટે અમો ખુદ કપાઈ જઈએ છીએ તો ધોમધખતા તાપમાં છાંયો આપી શીતળતા બક્ષીએ છીએ. પંખીઓને આશરો આપી કિલ્લોલમય પ્રફુલ્લિત વાતાવરણ સર્જીએ છીએ. અરે, તારા કારખાના, વાહનો અને સડેલા ખોરાકને કારણે ઉત્પન થતાં પ્રદુષિત વાતાવરણને અમારા ઓકસીજનથી નિયંત્રીત કરીને ,વાતાવરણ શુધ્ધ કરીને પર્યાવરણનું બેલેન્સ કરીએ છીએ. આમ છતા તું અમારું નિકન્દન કાઢે છે ? તારા જ એક કવિ ઉમાંશકર જોષીએ સાચું જ કહયું છે કે, " વિશાલ જગ વિસ્તરે નથી એક જ માનવી, પશુ છે, પક્ષી છે, વનોની વનસ્પતિ" હે માનવ, અમે જાણીએ છીએ કે તું તારી જ પ્રજાને અવતરવા નથી દેતો તો અમને તો કયાંથી અવતરવા દઈશ ? તું વૃક્ષારોપણ ન કર તો કંઈ નહીં પરંતુ અમે જેટલા અવતરી ચુકયા છીએ, તેને તો બચાવ....અમે બચીશું તો જ તું બચીશ...મુજ વિતી તુજ વિતશે...ધીરી બાપુડિયા....તમો જીવવા માંગતા હો તો અમોને જીવવા દો...એ જ ....તારા પીડિત વૃક્ષો વતી

**સ્વ. પ્રજ્ઞાબેન તથા સ્વ. ચિતરંજનભાઈ વૈષ્ણવ પરિવાર**

ઉપરોકત પ્રોજેકટ અને સ્ક્રીપ્ટ તુલન વૈષ્ણવની હતી જે શાળાએ આવકારી ૧૨૫ બાળકો અને ૭ શિક્ષકોએ આ અભિયાન માટે રેલી કાઢેલ અને ઉપરોકત સ્ક્રીપ્ટ તુલનના નામ સાથેની ૧૦૦૦ પત્રિકાનુ વિતરણ કરેલ.

## સંયુક્ત માહિતી નિયામક પદે વિભૂતિબેન છાયાની નિયુક્તી



સ્વ. યોગેન્દ્રભાઇ પ્રતાપરાય છાયા તથા સુધાબેન છાયાનાં પુત્રી સુશ્રી વિભૂતિબેન છાયાને તાજેતરમાં રાજ્ય સરકારે સંયુકત માહિતી નિયામક તરીકે બઢતી આપી છે. તેઓને માહિતી ખાતાની ગાંધનગર, આણંદ અને મહેસાણા કચેરીમાં નાયબ માહિતી નિયામક વર્ગ-૧ તરીકેની ફરજ બજાવી છે.

ઉચ્ચ હોદાનો યોગ્યતા મુજબ ઉપયોગ કરી સહાયભૂત થવામાં માનનાર સંન્ષ્ઠિ વિભૂતિબેને કુટુંબનું જ નહીં જ્ઞાતિનું પણ ગૌરવ વધાર્યું છે...હાર્દિક અભિનંદન અને શુભકામના.

## પ્રતિક નાણાવટીનું ઉચ્ચ અભ્યાસાર્થે જર્મનીગમન



જૂનાગઢ નિવાસી હેતલ જતીનભાઈ નાણાવટીના પુત્ર પ્રતિક જી-સેટ વલ્લભવિદ્યાનગર ખાતેથી બી.ઈ. (મીકે.)નો અભ્યાસ પૂર્ણ કરી ટ્રાન્સપેક તથા મઝદામાં દોઢ વર્ષ ફરજ બજાવી સાથે જર્મન ભાષાનો અભ્યાસ પૂર્ણ કરી જર્મની ખાતેની યુનિ. ઓફ ડુઈસબર્ગ ખાતે Master of Science (Computational Mechanics) ના અભ્યાસ અર્થે જર્મની જવા રવાના થયા. પ્રતિક જયેન્દ્રાબેન વિનોદરાય નાણાવટીના પૌત્ર તથા જ્યોત્સનાબેન અરવિદરાય અંજારીયાના દોહિત્ર થાય.

## આંતરરાષ્ટ્રીય પરિષદમાં સંશોધનપત્ર રજૂ કરતા ભવતોષ કિકાણી



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે પી.એચડી.નું સંશોધન કરતા ભવતોષ કિકાણી તે ડો. અનિલભાઈ તથા હેમાક્ષીબેનના પુત્ર તથા શૈલેષભાઈ તથા કાશ્મિરાબેન દેસાઈના જમાઈ તા. ૧૦ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૨ દરમ્યાન સ્પેનના સેવિલા ખાતે 'એકસ્ટ્રીમોફાઈલ્સ' વિશે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરિષદમાં પોતાનું સંશોધનપત્ર રજૂ કરી આવ્યા. વિશ્વભરમાંથી આવેલ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો સામે તેઓ ભારતનું પ્રતિનિધીત્વ કરી આવ્યા. જેમાં ઉપસ્થિત રહેવા માટે ભારત સરકારના ડીપા. ઓફ સાયન્સ એન્ડ ટેક. દ્વારા 'યંગ સાયન્ટીસ્ટ' તરીકે સંપૂર્ણ અનુદાન આપવામાં આવ્યું હતું.

હાલમાં તેમને તેમને ભારત સરકારના કાઉન્સીલ ઓફ સાયન્ટીસ્ટ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ દ્વારા સંશોધન માટે પ્રતિષ્ઠિત સિનીયર રીસર્ચ ફેલોશીપ મળેલ છે. હાલમાં તુલશીશ્યામના ગરમ પાણીના કૂંડ ઉપર સંશોધન કરી રહયા છે. અભિનંદન સહ શુભકામના.

## શ્રીમતી શ્રેયા મહેતાએ પી.એચડી.ની પદવી મેળવી



એલ. ડી. એન્જીનીયરીંગ કોલેજ અમદાવાદ ખાતે મીકેનીકલ ઈજનેરી વિભાગનાં પ્રાધ્યાપિકા શ્રીમતી શ્રેયા મહેતા ( ડો. મિલિન્દ અનિલભાઈ મહેતા – પ્લાસ્ટીક સર્જનનાં પત્ની અને સ્વ. હેમલત્તાબેન અને કૌસ્તુભભાઈ પંચોળીનાં પુત્રી)એ સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી સુરત ખાતે ડો. એચ. બી. નાયકના માર્ગદર્શન હેઠળ 'ક્રાયોજેનિકસ-થર્મોએકોસ્ટિક એન્જીન' ઉપર સંશોધન કરી ડોકટર ઓફ ફિલોસોફી-પી.એચડી.ની પદવી મેળવી જ્ઞાતિ અને પરિવારને ગૌરવ બક્ષ્યું છે.

**વિશ્વભરમાં વસી 'વૈષ્ણવજન'નો સંદેશ ફેલાવતા પ્રત્યેક જ્ઞાતિજનને**
**નૂતન વર્ષની હાર્દિક શુભકામના...હિરણ-યોગેશ અવાશીયા, ભાવનગર પરા.**
**( ફોન : (૦૨૭૮) ૨૪૪૮૯૨૧ મો. ૯૪૨૮૮૫૬૩૧૯ )**

## હિતેષ બુચ સન્માનિત થયા




મૂળ જામનગરના પણ વડોદરા સ્થાયી થયેલ શ્રી હિતેષ ઈન્દ્રવદન બુચ છેલ્લા ૨૭ વર્ષથી બેંક ઓફ ઈન્ડિયામાં કાર્યરત છે. ગ્રાહકો જયારે બેંકની સેવાથી ત્રસ્ત છે અને બેંકમાં દર પાંચ વર્ષે કર્મચારીની બદલી થાય છે ત્યારે તેઓની નિષ્ઠાવાન સેવા બદલ ૩ વાર બદલી મોકુફ રહી. અને ૧૬ વર્ષ અલ્કાપુરી બ્રાંચમા રહી ઉતમ સેવા આપી હતી અને હજી પણ શ્રેષ્ઠ સેવા આપે છે. તેઓને બેંક ઓફ ઈન્ડિયાના ૯૫ માં સ્થાપના દિને બેંકે જાહેર કરેલ પહેલો અને છેલ્લો એવોર્ડ વડોદરા ઝોનના બેસ્ટ એમ્પ્લોઈનો એવોર્ડ અર્પણ કરેલ. તેઓ સ્પોર્ટસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કેમ્પ તેમજ શ્રેષ્ઠ ગ્રાહક સેવા માટે એટલા જાણીતા છે કે તેની નોંધ અન્ય બેંકોએ પણ લીધી...અને સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદના ૭૦ મા સ્થાપના દિન પ્રસંગે તા. ૫–૪–૨૦૧૨ના રોજ હિતેષ બુચને પાવર ગ્રીડના જનરલ મેનેજરના હસ્તે ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા. અન્ય બેંક દ્વારા સન્માન મેળવી તેઓએ બેંક ઓફ ઈન્ડિયાનું સૂત્ર " રીલેશનશીપ બીયોન્ડ બેંકીંગ" ને સાર્થક કરી બતાવ્યું.

## શ્રી જૂનાગઢ જીલ્લા નાગર ભ્રાતૃ મંડળ – મુંબઈ

શ્રી મંડળની ૬૨મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૯–૮–૨૦૧૨ ના રોજ ગોરેગાંવ સ્થિત શ્રી દિનેશ વસાવડાનાને ત્યાં મળી ગઈ. જેમાં તા. ૧–૪–૨૦૧૨ થી ૩૧– ૩ –૨૦૧૫ના વર્ષ સુધી નીચે જણાવેલ સભ્યો સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા. યુવાનોને જ્ઞાતિભિમુખ કરવાના અને મંડળની ઝડપથી પ્રગતિ થાય તે ઉદેશથી આ વર્ષે નવયુવાનોને મંડળમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા. જેમાં સંરક્ષક મંડળના સભ્યો (ટ્રસ્ટીઓ) તરીકે શ્રી જનાર્દન જનકરાય કીકાણી, શ્રી નિખિલ જનસુખરાય વસાવડા શ્રી જનાર્દન ચંદુલાલ બુચ તથા કાર્યવાહક સમિતિના સભ્યોમાં શ્રી આશિષ જ કીકાણી – પ્રમુખ, શ્રી જયોતિષ જ. જોષીપુરા – ઉપપ્રમુખ, શ્રી દીનેશ અ. વસાવડા – મંત્રી, શ્રી ભાવિન ઉ. વસાવડા – ઉપમંત્રી,શ્રી શૈષવ ન. વોરા – ખજાનચી , શ્રી કિરીટ ચં. વૈષ્ણવ, સહ ખજાનચી તેમજ સભ્યોમાં સર્વશ્રી જલદીપ એસ. વૈષ્ણવ , શ્રીમતી પ્રનાલી એસ. વોરા , ચંદ્રમુખ પ્ર. નાણાવટી,નીતિનએસ. નાણાવટી,દિવ્યાંગ ચ. કચ્છી,કમલેશ વૈષ્ણવ, રીતેષ દી. વસાવડા નો સમાવેશ થાય છે.

સ્થાન આપવા બદલ વડીલોને ધન્યવાદ સાથે યુવાનો નિઃસ્વાર્થ ભાવથી જ્ઞાતિહીત વર્ધક પ્રવૃત્તિઓ કરી સંસ્થાને ગતિ–પ્રગતિવાન રાખે તેવી શુભેચ્છા

## કરાટે માસ્ટર ઋત્વિક ખારોડ



ગાંધીનગરની માઉન્ટ કારમેલ શાળામાં ધોરણ – ૮માં અભ્યાસ કરતા ઋત્વિક સુનીલકુમાર ખારોડે વાડોકાઈ કરાટે એકાડમી માંથી બ્લેક બેલ્ટ મેળવ્યો. તેમણે કરાટેમાં જિલ્લા તથા રાજય કક્ષાની સ્પર્ધાઓમાં ઘણા મેડલ્સ મેળવેલ છે. આ ઉપરાંત એર રાઈફલ શુટીંગ સ્પર્ધામાં સિલ્વરમેડલ મેળવેલ છે. ઋત્વિકે યુસી માસ મેન્ટલ એરીથમેટીકમાં ગ્રેજ્યુએશન પૂર્ણ કરેલ છે. "વિદ્યાર્થી સ્પંદન" દ્વારા યોજાયેલ રાજય કક્ષાની કવીઝ કોન્ટેસ્ટમાં પણ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અભ્યાસ સાથે ઈતરપ્રવૃત્તિમાં પણ અગ્ર રહેવા બદલ ચિ. ઋત્વિકને શાળા તરફથી વર્ષ ૨૦૧૧–૧૨ માટે "હાઈ અકેડેમિક એકસેલન્સ" નો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. ઋત્વિક નલિનકાન્તભાઈ તથા સૌ. પ્રવીણાબેન ખારોડના પૌત્ર તથા શ્રી જુગલ કિશોર તથા શ્રેયાબેન દેસાઈના દોહિત્ર થાય.



## કુ. શુચિ અંતાણીએ ફિઝીયોથેરાપીસ્ટની પદવી મેળવી

રાજકોટ સ્થિત શ્રી પરેશ અંતાણી અને શ્રીમતી દ્યુતિ (ભુપાલી) અંતાણીનાં પુત્રી તે રાજકોટના શ્રી ઈશ્વરભાઈ-ભારતીબેન અંતાણીનાં પૌત્રી અને વડોદરાના સ્વ. ઘનશ્યામભાઈ-ગં. સ્વ. દમયંતિબેન બુચનાં દોહિત્રી તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બેચલર ઓફ ફિઝીયોથેરાપીની પરીક્ષામાં ૬૫% સાથે ઉત્તીર્ણ થઈ બી.પી.ટીની પદવી મેળવી અને ઈન્ટર્નશીપમાં જોડાયાં. અભિનંદન.



## અંકિત અંજારીયાએ સી. એસ.ની પદવી મેળવી

અંધેરી(મુંબઈ)સ્થિત શ્રીમતી હેમા તથા સી. એ. નીતિન અંજારીયાના પુત્ર અંકિત ઓગષ્ટ ૨૦૧૨માં કબ્ંપની સેક્રેટરી (સી.એસ.)ની ફાઈનલ પરીક્ષામાં ઉર્તીણ થયા છે. અંકિતે ૨૦૧૧માં બી.કોમ. અને સી.એસ. બંન્ને પાસ કરેલ છે. અંકિત સ્વ. નરેન્દ્રરાય દલપતરાય અંજારીયા (ઈન્કમટેક્ષ) ના પૌત્ર થાય.



## કુ. તનુશ્રી બુચ સી.એસ. થયાં

જોધપુર (રાજ) સ્થિત સ્વ. હરભાઈ બુચનાં પૌત્રી અને શ્રી કિરણભાઈ -પારૂલબેન બુચના પુત્રી કુ. તનુશ્રીએ જુન ૨૦૧૨માં લેવાયેલ "ઈન્સ્ટીટયુટ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડીયા" ની ફાઈનલ પરીક્ષામાં ઉર્તીણ થઈ 'કંપની સેક્રેટરી' ની પદવી મેળવી અત્રેની બઝારી ગ્લોબલ ફાઈનાન્સ કું માં ટ્રેનીંગ અર્થે જોડાયાં. તેણીએ આ સાથે જ એલએલ. બીની પ્રથમ વર્ષની પરીક્ષા પણ પ્રથમ વર્ગમાં ઉર્તીણ કરી છે.



## શિવાંગ વૈષ્ણવ ઉચ્ચ અભ્યાસ અર્થે યુ.એસ. એ. ગયા

રાજકોટના સ્વ. દર્શનાબેન (ચીકુ) તથા શ્રી રમેન્દ્રભાઈ વૈશ્નવના પુત્ર શિવાંગ વૈશ્નવ માસ્ટર ઓફ એન્જીનીયરીંગના ઉચ્ચ અભ્યાસ અર્થે યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ કોલેજ પાર્ક યુએસએ ગયા. શિવાંગ સ્વ. ઈલાબેન તથા કેસરીપ્રસાદ વૈષ્ણવના પૌત્ર અને સ્વ. પુષ્પલતાબેન તથા સ્વ. રસિકભાઈ અંજારીયાના દોહિત્ર થાય.

## કુ. શ્રેયા ધોળકિયા એમ.એસસી. થયાં

મૂળ જુનાગઢના ભરૂચ સ્થિત શ્રી અમીશ ધોળકિયા અને શ્રીમતિ વિદ્રુમા ધોળકિયાનાં પુત્રી કુ. શ્રેયા ધોળકિયા એપ્રિલ ૨૦૧૨માં લેવાયેલ એમ.એસ.સી. (માઈક્રોબાયોલોજી)ની પરીક્ષામાં ૬૩% સાથે ઉર્તીણ થઈ અંકલેશ્વર સ્થિત યુનીક ફાર્માસ્યુટીકલ લેબોરેટરીઝમાં કવોલીટી કન્ટ્રોલ ઓફીસર તરીકે જોડાયાં. શ્રીમતિ જ્યોત્સનાબેન મણીશંકરભાઈ ધોળકિયાનાં પૌત્રી તથા સ્વ. શ્રીમતિ વનલીલાબેન વિનોદરાય વસાવડાના દોહિત્રી કલા રસિક શ્રેયાએ ગત વર્ષે કોલેજમાં યોજાયેલ પોસ્ટર કોમ્પીટીશનમાં ભાગ લઈ દ્વિતીય ક્રમ મેળવી પારિતોષીક મેળવેલ.

---

**સુ.શ્રી રશ્મિબેન ધનસુખરાય કિકાણી – જૂનાગઢ**

**(જ. દિ. આસો સુદ બીજ) સમસ્ત જ્ઞાતિને શુભેચ્છા–સાલમુબારક**

# સમાચાર સંચય

卐 **ભુજ :** શ્રીમતી ફાલ્ગુની ગિરીન બક્ષી અત્રેની આર. આર. લાલન કોલેજમાં ગુજરાત સરકાર દ્વારા કોન્ટ્રાકટ બેઇઝ ઉપર ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે નિમયાં.

卐 **ગોંડલ :** અત્રેના હાટકેશ્વર મંદિરમાં શ્રી અરવિંદભાઈ વિ. અવાશિયાએ તુલસીદાસ રચિત રામાયણનું સ્વ. વિલાસરાય વૈશ્નવ દ્વારા સમશ્લોકી અનુવાદિત અને લિખિત ગ્રંથનું બે માસ અને દસ દિવસ સતત પઠન કરતાં રસિક શ્રોતાજનોએ તેનો લાભ લીધો.

卐 **રાજકોટ :** અત્રેના શ્રી ચૈતન્યભાઈ અંજારીયા જોઈન્ટ કમિશ્નર ઈન્કમટેક્ષ તરીકે ઈન્દોરથી હિંમતનગર બદલાયા.

卐 અત્રેના શ્રી અવિનાશભાઈ વૈશ્નવ પરિવાર, વડોદરાના અરૂણભાઈ વૈશ્નવ દંપતી, સમીર ઘોળકિયા દંપતી અને અમદાવાદના બીપીનભાઈ કિકાણીનું ગ્રુપ ગોવા મુંબઈના પ્રવાસે જઈ આવ્યું.

卐 કુ. કૃણાલી નરેશભાઈ બુચ તથા આનલ ધવલભાઈ અવાશિયા એમ.કોમ.માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં.

卐 લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાયેલ કલ્પના મેટસેટ કિવઝ સ્પર્ધામાં અત્રેના તુલન ઉત્કલ વૈષ્ણવે એલ. જી. ધોળકિયા સ્કુલ નું પ્રતિનિધિત્વ કર્યું.

卐 **જૂનાગઢ :** શ્રી વડનગરા નાગરી પરિવારના ઉપક્રમે દર વર્ષ મુજબ અત્રેના દામોદર કુંડ પાસે રામવાડી ખાતે વનભોજનનું આયોજન કરાયેલ. જેમાં ૧૪૦ સભ્યોએ સક્રીય ભાગ લીધો હતો. સંસ્થાની ઝુંબેશ મુજબ ચક્ષુદાનના અનેક સંકલ્પપત્રો મળ્યા. આ ઉપરાંત વરિષ્ઠ જ્ઞાતિજનો માટે સ્વામીના ગઢડા, ઘેલા સોમનાથ અને ભુવનેશ્વરી માતાજીનો ધાર્મિક પ્રવાસ પણ યોજાય ગયો.

卐 સ્વ. શ્રીમતી નિર્મળાબેન તથા સ્વ. મુ. શાંતીલાલ અવાશિયાના પુત્રો તથા પુત્રીઓનાં બહોળા પરિવારનો એક કુટુંબ મેળો જુનાગઢમાં એકતા ભવન ભવનાતથ તળેટી ખાતે તા. ૧૮,૧૯,૨૦ ઓગષ્ટના રોજ યોજાઈ ગયો. કુટુંબના કુલ ૪૭ સભ્યોએ હાજરી આપી. કુટુંબની જુની જુની વાતો કરી વડીલોના સ્વભાવ ,પ્રમાણિકતા તથા દરિયાદિલની વાતો અન્યોને કરી. આસપાસ ના રમણીય સ્થળોની મુલાકાત લઈ ટ્રેકીગ પણ કર્યું. જુદી જુદી રમતો રમ્યા, પ્રાર્થના ગીતો તથા અંતાક્ષરી તો ખરા જ. વર્તમાન સમયમાં જેની ખાસ જરૂર છે એવી કુટુંબભાવનાનો ઉમદા દાખલો બેસાડયો.

卐 શ્રી જાગૃતિબેન સી. ખારોડ આઈ.ટી. એજ્યુ. ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૩-૧૦ ના રોજ જ્ઞાતિ બહેનો માટેનો હાડકાની ઘનતા(કેલશિયમ) માપવાનો કેમ્પ નાણાવટી હોસ્પિટલ ખાતે ઓર્થોપેડીક સર્જન ડો. મુકેશ વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયો. કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી સંજીવ મહેતા, પ્રો.ચેરમેન શ્રી અજય વૈષ્ણવ તથા અન્ય ટ્રસ્ટીઅઠએ જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટના સ્થાપક અને જાણીતા દાતા સુ.શ્રી. જાગૃતિબેન ખારોડે આભારની લાગણી વ્યકત કરી હતી.

卐 **વેરાવળ :** અત્રેના જાગૃત દિનેશભાઈ વૈદ્ય વીડિયોકોન કંપનીની વડોદરા ખાતેની ઓફીસમાં આસીસ્ટંટ મેનેજર તરીકે જોડાયા.

卐 અત્રેના નિશેન્દુભાઈ વૈદ્યના ગૃહપ્રવેશ નિમીત્તે શિવમહીમ્ન સ્તોત્ર પઠન તથા શિવભજનોનું આયોજન કરવામાં આવેલ.

卐 **જામનગર :** સ્વ. હરીદાસ જીવણદાસ ચેરિટેબલ ટ્રસ્ટ તથા સાંધ્ય દૈનિક ભૂમિ તરફથી યોજાયેલ

ઓપન જામનગર ગણપતિ સુશોભન સ્પર્ધાના પેનલ જજ તરીકે શ્રીમતી સોનલ મનોજ નાણાવટી નિમાયાં.

卐 શ્રી હરિદાસ જીવણદાસ લાલ દ્વારા આયોજીત ઓપન જામનગર નવરાત્રિ સ્પર્ધા-૨૦૧૨માં શ્રીમતી સોનલ નાણાવટીએ નિર્ણાયક તરીકે સેવા આપી...૧૨૩ પંડાલનું નિરીક્ષણ કર્યું.

卐 વડનગરા જ્ઞાતિ મંડળ દ્વારા તા. ૧૯/૯ના રોજ હાટકેશ હોલમાં શ્રીમતી સોનલ નાણાવટીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય ગયો. જે અંતર્ગત મોદક સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, શ્રીફળ-સાડી સુશોભન સ્પર્ધા તથા ભજન ગાવાની સ્પર્ધાઓમાં બંધુઓએ ઉત્સાહભેર ભાગ લઈ આયોજન સફળ બનાવ્યુ હતું. કાર્યક્રમનું સંચાલન નીલેષ ઓઝા તથા સાંસ્કૃતિક ચેરપર્સન સોનલ નાણાવટીએ કર્યું હતું.

卐 અત્રેના ચિ. ખંજન તથા કૌસુમી અવિનાશભાઈ નાણાવટી ઈન્દોર ખાતે યોજાયેલ કનકેશ્વરી મા ગરબા મહોત્સવમાં તા. ૧૮-૧૦ ને ત્રીજા નોરતે ગરબો પ્રસ્તુત કરી આવ્યા. જેનું જીવંત પ્રસારણ ઝી જાગરણ તથા અન્ય વિદેશની ચેનલો પર પ્રસારિત થયેલ.

卐 શ્રી ઘનશ્યામ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૬/૧૦ થી ૧૩/૧૦ સુધી શિવાનંદ આશ્રમના અધ્યક્ષશ્રી સ્વામીશ્રી અધ્યાત્મનંદજીના વ્યાસ પીઠે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું સર્વજ્ઞાતિ માટેના આયોજન થઈ ગયું જેમાં કુલ ૬૫ પોથીમાં ૧૨ જ્ઞાતિબંધુઓની 'પોથી યાત્રા'ને સ્વામીજીના સાન્નિધ્યમાં હાટકેશ મંદિરેથી જ્ઞાતિ પ્રમુખશ્રી સુરેશભાઈ નાણાવટી અને હેમપુષ્પભાઈ ધોળકિયાનાહસ્તે પ્રસ્થાન કરાવેલ. સ્વામીજીની અમૃતવાણીનો બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. અ.ભા. ના . પરિષદ શાખા તરફથી પ્રમુખ-મંત્રીના હસ્તે પૂ. અધ્યાત્માનંદજીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

卐 દર વર્ષ મુજબ જામનગર વ. જ્ઞા. તરફથી હાટકેશ હોલમાં નવરાત્રિ ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું. યજમાન તરીકે શ્રી દિવ્યાંગ હર્ષદરાય વસાવડા દંપતીએ પૂજન અર્ચન કરેલ જયારે માંકડના કુળ દેવી જવાળામુખી માતાજીના સ્થાનકના સ્થાપનમાં શ્રી ઉદય ઉપેન્દ્રભાઈ માંકડ બેઠા હતા.

卐 અ.ભા.ના. પરિષદ તરફથી આસો સુદ ૧૧ તા. ૨૫-૧૦ ના રોજ સમૂહ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

卐 છેલ્લા ૬૫ વર્ષથી શ્રી યદુનંદન ભાઈ બુચ સંચાલિત હાટકેશ ગરબી મંડળ દ્વારા આ વર્ષે પણ જુદી જુદી વ્યકિતઓ તરફથી રાત્રે ૯ થી ૧૧ હાટકેશ હોલમાં નાની બાળાઓ ગરબે ઘુમી હતી...લ્હાણી આપવામાં આવી હતી.

卐 ગરબા મંડળ જામનગર તરફથી દર વર્ષ મુજબ જુદે જુદે ઘેર બહેનોના બેઠા ગરબાનું આયોજન થયેલ.

卐 **સિક્કા :** શ્રી યક્ષેન્દ્ર જીતેન્દ્રરાય ઓઝા જીઈબી-ટીપીએસ-માં સતત ૩૨ વર્ષની નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી અત્રેથી એકઝીકયુટીવ એન્જીનીયરના હોદા સાથે નિવૃત્ત થઈ રાજકોટ સ્થાયી થતાં તેમની સંન્નિષ્ઠતા, આનંદી સ્વભાવ અને દરેક સાથે સુમેળભર્યા વ્યવહારના ફલસ્વરૂપે દરેક પાયરીના કર્મચારીઓથી ઉચ્ચ અધિકારીગણ તરફથી યોજાયેલ વિશેષ સમારંભમાં ચીફ એન્જીનીયરના હસ્તે સન્માનપત્ર,મોમેન્ટો આપી ભાવભર્યું વિદાયમાન આપવામાં આવ્યું હતું. અત્રે નોંધ લેવી ઘટે કે તેઓએ વિદાય પાર્ટી લેવાને બદલે સહકર્મચારીઓના વર્ષો પર્યંતના સહયોગ અને પ્રેમ બદલ પોતે પ્રીતિ ભોજન માટે આમંત્રિત કરી નવો ચિલો ચાતર્યો. નોકરી દરમ્યાન દરેક શહેરમાંથી તેઓએ બરછી પ્રતિનિધી તરીકે પોતાની સેવાઓ આપેલ છે ત્યારે બરછી પરિવાર પણ આવાં દિલેર દંપતીને સુખમય અને આરોગ્યપ્રદ નિવૃત્તજીવનની શુભકામના પાઠવે છે.

卐 **ભાવનગર :** ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી (અમદાવાદ) દ્વારા ભાવનગર બ્લડ બેંકના

યજમાનપદે ઉજવાયેલા વિશ્વ સ્વૈચ્છિક રકતદાન દિવસના ઉપક્રમે શહેરમાં યોજાયેલા એક ગરિમાપૂર્ણ સમારંભમાં આજ પર્યન્ત કુલ ૧૦૯ વખત રકતદાન કરી ચુકેલા રેલ્વેના જયેશભાઈ કુન્દનલાલ અંતાણીને 'શતકવિર' સન્માનથી અને સાથે જ આ સેવાયજ્ઞને માત્ર ૧૯ વર્ષની વયથી જ અપનાવી છ વખત રકતદાન કરનાર તેમના યુવાપુત્ર ચિ. પ્રતીકને " નિયમિત યુવા રકતદાતા " નો રાજયકક્ષાનો ખિતાબ આપી તેમનું ફિલ્મ અને ટીવી કલાકાર શ્રી હર્ષ છાયાને હસ્તે બહુમાન કરવામાં આવ્યું.

卐 આકાશવાણી રાજકોટ કેન્દ્ર ઉપરથી નવેમ્બર માસના દર ગુરૂવારે સવારે ૬:૪૦ વાગ્યે શ્રી જયેશ અંતાણીની રત્નકણિકા પ્રસારિત થઈ રહી છે.

卐 **મુંબઈ :** મલાડ સ્થિત શ્રી કૃષ્ણકુમાર પ્રિતમલાલ બક્ષીના નિવાસસ્થાને દોઢ દિવસના ગણપતિ સ્થાપન કરવામાં આવ્યું. જેને આ વર્ષે દસ વર્ષ પૂર્ણ થયાં. દર વર્ષે આગમનથી પૂર્ણાહુતિ સુધી સમગ્ર પરિવાર તન મનથી પૂજન અર્ચન કરે છે. દરરોજ ૩૦૦ જેટલા ભકતજનો દર્શનનો લાભ લીધો. પ્રસાદી રૂપે દરેકનું દુધ-ચુરમા લાડુથી સ્વાગત કરાયેલ.સાંજની આરતિમાં ચિરાગ હાથી મરાઠીમાં એક સાથે ૧૧ આરતિ બોલે...જાણે ગણેશજીનો સાક્ષાતત્કાર થયો હોય !

卐 નાલાસોપારા સ્થિત શૈશવ હેમંતભાઈ ઓઝા તાજેતરમાં ધો. ૧૦ની પરીક્ષામાં ૮૮% સાથે ઉત્તીર્ણ થયા સાથે નાની વયે કરાટેની આંતરરાષ્ટ્રીય કક્ષાના WSKફેડરેશન દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ બ્લેકબેલ્ટ મેળવ્યો.

卐 શ્રી જયંત વિશ્વનાથ હાથીના પુત્ર ગૌરવ ટોયાટો મોટર ફાયનાન્સમાં ડેપ્યુટી વાઈસ પ્રેસીડેન્ટ તરીકે જોડાયા.

卐 **અમદાવાદ :** કુ. નિષ્ઠા પરેશભાઈ બક્ષી સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સમાં ઓફીસર તરીકે જોડાયાં.

卐 શ્રી હેમલ સતીષ જોષીપુરા (આઈસી એન્જીનીયર) એડનોક ગ્રુપની અબુધાબી પોલીમર્સ કંપનીમાં બોરોજ - યુએઈ ખાતે જોડાયા.

卐 જયેશ અવિનાશ બુચને 'સહારા ઈન્ડિયા' માં આસી. મેનેજર (લીગલ) તરીકે નિમણુંક મળી.

卐 **વડોદરા :** ઈન્કમટેક્ષ ઓફીસમાં વરિષ્ઠ કરસહાયક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી સ્મિતા તરૂણ વૈદ્યને હિન્દીમાં કાર્ય કરવા બદલ રાજભાષા અનુભાગ તરફથી રૂા. ૧૨૦૦નો રોકડ પુરસ્કાર તથા ઈન્કમટેક્ષ સ્પોર્ટસ અને રિક્રીએશન કલબ દ્વારા આયોજિત વિમેન્સ સીંગલ્સ કેરમ સ્પર્ધામાં રનર્સ અપ થતાં રૂા. ૭૫૦નો રોકડ પુરસ્કાર એનાયત થયો.

卐 ઉત્કર્ષ એમ.વૈષ્ણવ ને પી.આઈ. ઈન્ડ.માં સિનીયર જનરલ મેનેજર તરીકે બઢતી મળી.

---

નોંધ : દર માસની ૨૫ તારીખ બાદ જેની આતુરતાપૂર્વક જ્ઞાતિજનો રાહમાં હોય છે...અને તેથી જ બરછીને અનેરૂં સ્થાન મળેલ છે તેવા સમાચારો સાથે કસાયેલી કલમનવેશો સાથે નવોદિતોને દીપોત્સવી અંકમાં સ્થાન આપતાં ઘણા સમાચારો તથા શહેરોમાં ઉજવાયેલ નવરાત્રિ, શરદોત્સવ, દીપાવલિના કાર્યક્રમોને ડીસેમ્બર (તા. ૨૫)ના અંકમાં સ્થાન આપવામાં આવશે.

ઓગષ્ટ માસમાં અમદાવાદ વડોદરામાં ટપાલમાં ઘણાને ઘણાજ મોડા અંકો મળ્યા તો કેટલાકને ન જ મળ્યા તેથી આ શહેરોમાં સપ્ટેમ્બરમાં કુરિઅર દ્વારા અંકો મોકલ્યા પરંતુ સમયસર ન પહોંચતા વડોદરામાં તો પ્રતિનિધી ઋષીભાઈ દેસાઈએ પરત મેળવી તેઓ તથા અન્ય પ્રતિનિધી પ્રતીક અશોકભાઈ અંજારીયા, હેમંતભાઈ નાણાવટી, દુષ્યંતભાઈ અંતાણી તથા સ્વાતિબેન દેસાઈએ બરછી પહોંચાડવાની કપરી કામગીરી બજાવી અનન્ય સેવા આપી છે. જે બદલ તેઓ તથા તેમનો સાથ આપનાર આ નિષ્ઠાવાન સ્વયંસેવકોનો બરછી અંતરથી આભાર માને છે...બરછીને આ વર્ષમાં નારાજગી પણ સૌથી વધુ વ્હોરવા મળી છે દિલગીરી સાથે ક્ષમા ચાહીએ છીએ. - તંત્રી.

## આજીવન શિક્ષણ સેવા સમર્પિત સન્નારી સુકન્યાબેનનો દેહવિલય



આજીવન શિક્ષણ અને સેવા સમર્પિત મા.વ. સુકન્યાબેન જનકરાય વકીલનો વડોદરા ખાતે ૩-૧૦-૨૦૧૨ના રોજ દેહવિલય થયો. શૂન્યમાંથી સર્જન કરવાની તેમની અભિલાષાના પરિપાક રૂપે ૧૯૪૮માં ગોરેગામમાં સૌ પ્રથમ પોતાના તેમજ પાડોશીના બાળકોથી બાલમંદિરના સ્થાપના કરી. ધીમે ધીમે બાલમંદીર રૂપી સંસ્કારનું બીજ 'શિશુસદન' પ્રાથમિક, માધ્યમિક શાળા દ્વારા વટવૃક્ષ બન્યું. જેમ એક માતા સો શિક્ષકની ગરજ સારે તેમ ગરીબ,અપંગ,અતિ મંદબુધ્ધિના બાળકોને વાત્સલ્યમૂર્તિ સમા સુકન્યાબેને 'માં'ની હુંફ આપી અને તેમને નિઃશુલ્ક શિક્ષણ અને સંસ્કાર આપ્યા. 'શિશુસદન' શાળાએ અનેક ઝંઝાવાતનો સામનો પણ કર્યો પરંતુ તેઓની આગવી સૂઝબૂઝ અને પતિ જનકરાય તેમજ પરિવારજનોના સહકારથી ૬૫ વર્ષ સુધી અડગ રહી શાળાનું સંચાલન કર્યું. સંગીત વિશારદ એવાં સુકન્યાબેન પ્રેમાળ, કરૂણામયી, સાહસી સન્નારી હતાં જેમની માત્ર વકીલ પરિવારનેજ નહીં સમાજને પણ ખોટ પડી છે. તેઓના કાર્યો સર્વ માટે પ્રેરણાસ્ત્રોત બની રહે તેજ અભ્યર્થના સાથે શ્રધ્ધાસુમન.

## ડો. હરેન્દ્ર હાથીનો જયપુર ખાતે દેહવિલય



રાજસ્થાન પંથકમાં ડો. એચ. એચ. હાથી જાણીતા ડેન્ટલ સર્જન ડો. હરેન્દ્રભાઈ હાથીનું જયપુર ખાતે દેહાવસાન થયું. તેઓના પિતાશ્રી ડો. એચ. જે. હાથીએ જોધપુર ખાતે આંખના ડોકટર તરીકે ખ્યાતિ મેળવી હતી. એક સમયે જોધપુર ખાતે તેઓના નિવાસસ્થાન પાસેની શેરીને 'હાથી શેરી' નામકરણ થયેલ જે આજે પણ તે નામથી ઓળ ખાય છે.જોધપુરથી કારકિર્દી શરૂ કરનાર હરેન્દ્રભાઈ દંતવિભાગના અધ્યક્ષ રહયા ત્યારબાદ બઢતી મેળવી જયપુરની એસ.એમ.એસ. હોસ્પિટલમાં નિમાયા અને ત્યાંથી જ ઓરલ સર્જરી-ડેન્ટલ વિભાગના સુપ્રિટેન્ડન્ટ તરીકે નિવૃત્ત થયા. તેઓનાં પત્ની શ્રીમતી શૈલાબેન પણ જયપુરની જનાના હોસ્પિટલમાં ગાયનેકોલોજિસ્ટ તરીકે ઉચ્ચ પદે રહયાં છે.પરિવારમાં 'ભૈયાભાઈથી ઓળખાતા હરેન્દ્રભાઈની વિદાયથી પરિવાર તથા સમાજને એક પરોપકારી ડોકટરની ખોટ પડી છે.

---

***અનંતના યાત્રીઓ :*** **જૂનાગઢ :** ડો. મુકુન્દરાય ઉદયશંકર વૈષ્ણવ ૭૫ વર્ષ - અનિલ શાંતીલાલ અવાશિયાનું ૬૨ વર્ષે - નાગેન્દ્ર નરેન્દ્રભાઈ વૈષ્ણવ ૬૪ વર્ષે - વીરમતીબેન ભાનુપ્રસાદ દેસાઈ ૮૭ વર્ષ કુમારભાઈ હર્ષદરાય (સોમનાથભાઈ) જોષીપુરાનું ૭૦ વર્ષે જુનાગઢ ખાતે અવસાન.

**રાજકોટ :** જનાર્દનભાઈ એન. મારૂનું ૭૦ વર્ષની વયે અવસાન.

**જામનગર :** ડો. પ્રફુલ્લભાઈ અમૃતલાલ રીંડાણી, સૂર્યકાન્તભાઈ નૌતમલાલ વછરાજાની, શ્રીમતી હર્ષિદાબેન પ્રમોદરાય સ્વાદિયાનું અવસાન.**આણંદ :** ગં. સ્વ. કુમુદબેન ચંદ્રકાન્તભાઈ બુચનું અવસાન.

**મુંબઈ :** પ્રા. પ્રકાશરાય ભૂપતરાય મહેતાનું ૮૧ વર્ષ - સુબોધભાઈ આચાર્ય ૭૩ વર્ષ -વિનયકાંત ભોગીલાલ મંકોડી ૯૨ વર્ષ - શ્રીમતી મીનાબેન જગદીશભાઈ દેસાઈનું અવસાન. કંદર્પ પ્રહલાદભાઈ ઓઝા- ૭૫

**અમદાવાદ :** શ્રીમતી જયોત્સનાબેન હસીતકાન્ત બુચ ૯૦ વર્ષ અમદાવાદ ખાતે
રમેશભાઈ ઈન્દુલાલ જીકાર ૮૧ વર્ષ ભારતીબેન (ભામાબેન) આચાર્ય ૮૩ વર્ષની વયે નલિનીબેન રસિકલાલ ધોળકિયાનું ૮૩ વર્ષ - એડવોકેટ પ્રધુમ્નરાય વામનરાય હાથી અમદાવાદ.

**વડોદરા :** શ્રીમતી વસુમતિબેન વિશ્નુપ્રસાદ છાયા -ગ.સ્વ. ઉછરંગબાળાબેન યશવંતરાય મારૂ ૧૦૦ વર્ષ નિસલ નિખિલચંદ્ર શુકલ ૩૪ વર્ષ - કીર્તન કુંજબિહારીભાઈ દેસાઈ ૪૮ વર્ષની વયે અવસાન.

## સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ)નાં હોદેદારો

તાજેતરમાં અમદાવાદ ખાતે સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ)ની સામાન્ય સભા મળી ગઈ. જેમાં તા. ૩૧-૦૩-૨૦૧૪ સુધીના રાજ્યકક્ષાના હોદેદારો તથા કાર્યવાહક સમિતિની નીચે મુજબ નિમણુક કરવામાં આવી છે. પ્રમુખ - શ્રી નરેશ રાજા (અમદાવાદ) ચેરમેન- શ્રી અરૂણ બુચ (ગાંધીનગર) કો ચેરમેન- શ્રી કૃષ્ણકાન્ત જહા(ગાંધીનગર),હરકાન્ત પંડયા(મહેસાણા),શ્રી ગજેન્દ્ર મહેતા(ભાવનગર) મહામંત્રી- શ્રી ધર્મેન્દ્ર દેસાઈ (વિસનગર) ખજાનચી- શ્રી જનક મહેતા (અમદાવાદ)

ઈન્ટરનલ ઓડીટર - શ્રી દીપક સી. દેસાઈ (અમદાવાદ)

મંત્રીઓ : શ્રીમતી બેલા જહા (અમદાવાદ), શ્રી નેહાલી મહેતા(ઉપાધ્યક્ષ) મહિલાપાંખ (અમદાવાદ)

ઉપપ્રમુખશ્રીઓ - સુભાષ ભટ્ટ (ગાંધીનગર), શ્રીમતી ભારતી ત્રિવેદી (અમદાવાદ)

શ્રી હર્ષકાન્ત ભટ્ટ (ધોરાજી), શ્રી વિદ્યુત બુચ(ગાંધીધામ),શ્રી રાજીવ વચ્છરાજાની (રાજકોટ), શ્રી નવનીત વૈષ્ણવ (જામનગર), શ્રી પરિમલ ધોળકિયા (ભુજ), ડો. નગેન્દ્રનાથ નાગર (દાહોદ)

યુવાપાંખ : (૧) શ્રી કૌશિક રાવલ અધ્યક્ષ-ગાંધીનગર,(૨)શ્રી કેતન પંડિત-સહઅધ્યક્ષ(વિસનગર)

પ્રચારમંત્રી : (૧) શ્રી કલ્પેશ રાવળ-ગાંધીનગર (૨) શ્રી હેમલ મહેતા -અમદાવાદ(૩)અસિત ત્રિવેદી-વડોદરા.

દર વર્ષ મુજબ સંસ્થાના ઉપક્રમે 'જીવન સાથી પસંદગી સંમેલન' તા. ૬-૧-૧૩ને રવિવારના રોજ મહેસાણા ખાતે યોજવામાં આવેલ છે. વિસ્તૃત માહિતી - ફોર્મ આ અંકમાં અન્યત્ર આપેલ છે.

### આખરી સલામ એ જીગરજાન દોસ્તને...

### સ્વ. અનીલ શાંતિલાલ અવાશિયા



'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે' અરે ! જાનકીનાથ તો બધું જાણતો હતો કે કાલે સવારે તમારો પ્રિય દોસ્ત તમો આવશો ત્યારે નહીં હોય પરંતુ તેણે અમને જાણવા ન દીધું. કોને કરવી આ ફરીયાદ ? કોણ પૂરશે અમારી આ ખોટનો ખાડો ?

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના..

અમો છીએ...

**નાગર ફ્રેન્ડઝ કલબ પરિવાર, જૂનાગઢ.**

### ઋણ સ્વીકાર



અમારા પિતાશ્રી અનિલભાઈ શાંતીલાલ અવાશિયા નું ૬૨ વર્ષની વયે અવસાન થતાં તેમની વસમી વિદાયના દિવસો દરમિયાન અગણિત જ્ઞાતિજનો મિત્રમંડળ તથા સ્નેહીઓ તરફથી રૂબરૂ તથા ટપાલ અને ફોન મારફત લાગણીસભર શોકસંદેશ મળેલ તેનાથી અમોને સાંત્વના ,હિંમત તથા સહનશકિત મળેલ છે...

બરછીના માધ્યમ દ્વારા અમો તેઓ સર્વેનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

**જય માંગનાથ**

**આરતી, ભાવાર્થ, ભૂમિ અવાશિયા પરિવાર**

## 'સૂર, સ્વર અને શબ્દના સ્વામિ' રાસબિહારી દેસાઈની અલવિદા



૧૯૩૫માં વિસનગર ખાતે જન્મેલા સૂર, સ્વર અને શબ્દના સંવેદનશીલ સાધક, સ્વ. શ્રી રાસભાઈ તા ૬-૧૦-૨૦૧૨ ના રોજ અમદાવાદ ખાતે નશ્વર દેહ છોડી અનંતની યાત્રાએ નીકળી ગયા..

રાસભાઈ હરહમેંશ કહેતા કે સંગીત જ તેમનું જીવન છે અને સંગીત જ જીવનને શુધ્ધ કરવાનું માધ્યમ છે. તેઓની માન્યતા,મુજબ જેનો કંઠ સૂરીલો તેમનું જીવન પણ સૂરીલું જ બને છે તથા ચિત્તની શુધ્ધિ પણ સંગીતથી જ થાય છે.

રાસભાઈએ ગુજરાતી ગીતોને પુસ્તકના મુદ્રિત સ્વરૂપમાંથી ઉઠાડી સંગીત દ્વારા જનસમુદાય સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડયું છે. અને તેથી જ એક ઉત્તમ ગાયક તરીકેનું સમગ્ર સંગીતજ્ઞોની હરોળમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાસભાઈના અવાજમાં બુલંદી અને માધુર્યનો સમન્વય જોવા મળે છે અને તેથી જ તેમના ઘુંટાયેલા ઘેઘુરકંઠમાં 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો', સંભળાવવાનું શરૂ કરે એટલે જાણે ખરેખર જગતનિયંતા (જગતજનની) સાથે તાદાત્મ્ય સધાઈ ગયું હોય તેવો અનુભવ થયા વગર રહેતો નથી. સ્વ. ના કંઠમાં ગીતોએ કામણગારો વસવાટ કરેલો. રાસભાઈ સંસ્કારી નાગર પરિવારમાં જનમ્યા અને જન્મજાત સંગીતનો વારસો તેમને પ્રાપ્ત થયેલો. સ્વ. રાસભાઈના પિતાશ્રી સ્વ. રમણલાલભાઈ પણ સ્વતંત્રતાની ચળવળમાં પ્રભાતફેરીના ગાયકનેતાની ખ્યાતિ પામેલા તેથી તેઓને પાટણના મેઘાણી તરીકે લોકોએ નવાજેલા.

રાસભાઈ કોઈ ઔપચારિક સંગીતની તાલીમ પામ્યા ન હોવા છતાં તેઓની સંગીત પ્રત્યેની ઊંડી સૂઝ,ધગશ,રિયાઝ,શ્રવણ દ્વારા જ ગહન સિધ્ધિ પ્રાપ્ત કરેલી હતી.સ્વ. ને સંગીતનું પ્રારંભિક માર્ગદર્શન માન.શ્રી સૂર્યકાન્તભાઈ દવે તથા શ્રી સુરેશભાઈ જાની (કાકા) પાસેથી તેમજ સંગીતના શિરમોર શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય પાસેથી પ્રાપ્ત થયેલું.

૧૯૬૪માં રાસભાઈએ વિભાબેન વૈષ્ણવ સાથે પ્રભુતામાં પગલાં માંડયા હતા. વિભાબેન પણ એક ઉત્કૃષ્ટ ગાયક કલાકાર તરીકે સંખ્યાબંધ એવોર્ડથી ખ્યાતિ પામેલાં છે. રાસભાઈ તથા વિભાબહેને યુગલ ગાયક સ્વરૂપે દેશમાં તથા વિદેશમાં પણ ઉત્તમ કોટિનું સંગીત પીરસી પ્રશંસા પ્રાપ્ત કરેલી છે. તેઓએ યુ.એસ.એ.માં ૧૯૮૧,૧૯૮૫,૧૯૯૦, ૧૯૯૫ માં આશરે ૨૫૦ જેટલા સંગીતના કાર્યક્રમો પીરસી ભારતની ,ગુજરાતની તથા સમગ્ર નાગરજ્ઞાતિ વિશિષ્ટ ઉંચાઈ બક્ષી હતી. તેઓએ રેડિયો, ટી વીના 'એ ગ્રેડ'ના માન્ય ગાયક, સ્વરકાર તરીકે સમગ્ર ગુજરાત, મુંબઈ,મદ્રાસ, કલકતા, આગ્રા, દિલ્હીમાં પણ સુમધૂર કંઠથી પ્રશંસા મેળવેલ છે.

સ્વ. રાસભાઈ વ્યવસાયે પ્રાધ્યાપક તેથી અનેક વિદ્યાર્થીઓને તેઓએ સંગીતની ઉચ્ચકોટિની તાલીમ આપી ગાતા કર્યા છે. તેથી આજે પણ રાસભાઈ તેમના વિદ્યાર્થીઓમાં જીવીત છે.૧૯૬૧ થી ગુજરાતમાં 'શ્રુતિ' નામે સમૂહગાનની પાયાની પ્રતિષ્ઠિત સંસ્થા સ્થાપી હતી કે જેમાં સ્વ. રાસભાઈ જોડે વિભાબેનનો પણ મહત્વનો ફાળો રહયો છે.આમ આ સંગીતજ્ઞ દંપતીએ સુગમ સંગીતની ગુજરાતમાં ક્ષિતિજ વિસ્તારવામાં વિકસાવવામાં અનન્ય યોગદાન આપ્યું છે.

વિવિધ પ્રવૃતિમાં વ્યસ્ત છતાં ૧૯૯૪માં યુ.એસ.એ.માં હૃદયરોગનું (બાયપાસ) ઓપરેશન કરાવી

આ જિન્દાદિલ રાસભાઈ ટૂંકાગાળામાં સ્વસ્થતા પ્રાપ્ત કરી ભારત પરત ફરી શકયા. તેની પાછળ તેની સંગીત પ્રત્યેનો અપ્રતિમ લગાવ અને સંગીતસાધના કારણભૂત હોય તેમ ચોકકસ પણે માની શકાય.

સ્વ. રાસભાઈને (૧) ગુજરાત રાજય ગૌરવ પુરસ્કારથી (૨) આકાશવાણી દીર્ઘપ્રસારણ એવોર્ડથી (૩) ગુજરાત સમાચાર અને સમન્વય આયોજીત કાર્યક્રમમાં પરમ પૂજય શ્રી મોરારીબાપુના વરદ્ હસ્તે સ્વ. શ્રી અવિનાશ વ્યાસ એવોર્ડથી તથા (૪) ૧૯૮૦માં "કાશીનો દીકરો" માટે શ્રેષ્ઠ પાર્શ્વ ગાયક તરીકેના એવોર્ડથી નવાજવામાં આવેલ.

શ્રી રાસભાઈના નિધનથી સમગ્ર ગુજરાતને આંચકો લાગે તે સ્વભાવિક છે. પરંતુ રાસભાઈ જેવો સંગીતનો દીવો કયારેય પણ ઓલવાઈ જઈ શકે નહીં. તેથી તેઓને એક શેરથી શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ..

" ગુલાબી ગીત રાખું છું, હું ગેબી તાન રાખું છું,
ઘડીભર યમ પણ શરમાય તેવી જીવનની શાન રાખું છું
નથી મરતો હકીકતમાં કદાપિ મોતનો માર્યો
ઘડીભર ફેરવી આંખ મરણનું માન રાખું છું."

સ્વ. રાસભાઈએ સંગીત દ્વારા ચાહતનો ચમન રચવા અથાગ મહેનત કરી અને એ ચાહતના ચમનને વિકસિત રાખવો તે જ તેઓને માટે સાચી શ્રધ્ધાંજલિ અર્પી ગણાશે.

**સંકલન : રઘુવીર ન. ખારોડ (અમદાવાદ)**

## મંતવ્ય : મહેતાજીની મહાવ્યથા

પ્રાતઃ સ્મરણીય ભકતકવિ શ્રી નરસિંહ મહેતાના જીવન-કવન વિષે જયારે પણ ચર્ચા કરવામાં આવે ત્યારે, તેમના જીવનના બે મહત્વના પાસાઓ ઉપર વિષદ ચર્ચાઓ થાય છે. એક તેઓની ભકિતરસ ભરી કવિતાઓ-ભકિતગીતો અને બીજી જ્ઞાતિ તરફથી તેમનો થયેલો ઉપહાસ. કરૂણતા એ છે કે, તેમની અવહેલના જ્ઞાતિ તરફથી તેના નિધન પછીના વર્ષો સુધી પણ ચાલુ રહી અને તેઓનું જયારે રેખાચિત્ર બનાવવામાં આવ્યું ત્યારે તેઓને "સુદામાટોપી" પહેરાવવામાં આવી અને જ્ઞાતિના વરિષ્ઠ બૌધ્ધિકોએ તેને સ્વીકૃતિની મહોર મારી દીધી. તેઓ ભૂલી ગયા હતા કે તે જમાનામાં નાગર પુરૂષો પાઘડી પહેરતા હતા. પરંતુ ભકતકવિ માટે તો સુદામાટોપી જ.

આજે ભકતકવિના પાંચસો વર્ષ પછી પણ જ્ઞાતિએ તેઓને જ્ઞાતિબહાર જ રાખ્યા છે !! તેમના જીવનના અનેક મહત્વના પ્રસંગોની ઉજવણી ભલે સુંદર રીતે થતી હોય તેમ છતાં પણ તે ગામના છેવાડે આવેલા મહેતાજીના ચોરામાં જ. એક ઐતિહાસિક દ્રષ્ટિબિદુંથી આ ચોરાનું મહત્વ ભલે સંસ્કૃતિના વારસા સાથે સંકળાયેલું રહે. પરંતુ જયારે જ્ઞાતિના મકાનોમાંથી ૮૦ થી ૯૦ % મકાનો ધ્વસ્ત થઈ ગયા છે અને સંખ્યા પણ પાંખી થતી જાય છે ત્યારે હજુ પણ મોડું થયું નથી... ભકતકવિની સુંદર અને મોટી "સુદામાટોપી" વિનાની જે પૂજય દેવેન્દ્રવિજયજી એ જૂનાગઢમાં ગિરનાર તળેટીએ જવાના રસ્તે જતા પધરાવી છે તે સ્વરૂપની મૂર્તિ બનાવી અને ગામમાં શ્રી હાટકેશ્વરના મંદિરમાં ભકતકવિનું એક મંદિર બનાવી તેમા પધરામણી કરવામાં આવશે તો તેમના જીવન દરમિયાન જે તેઓની અવહેલના થયેલ છે તેનું પ્રાયશ્ચિત થયેલ ગણાશે. અને તેમને એક ભવ્ય અંજલિ આપી ગણાશે.

ઉપરોકત અમલ કરવામાં આવશે તો પ.પૂ. નરસિંહ મહેતાની મૂર્તિ માટે સ્વ. રમાગૌરી દિનકરરાય વૈષ્ણવ પરિવાર તરફથી રૂા ૫૦૦૧/- નું અનુદાન આપવામાં આવશે.

**– નંદકિશોર વૈષ્ણવ, જૂનાગઢ**